**સુવિચાર**

''શિક્ષકે જીવ આપવાનો નથી, જીવ રેડવાનો છે.''



:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૧૧/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક સુદ-૯ વર્ષ : ૧૭ અંક : ૨૮૧


# અસહ્ય મોંઘવારીનાં મારથી સામાન્ય પરિવારનું બજેટ ખોરવાયુ

# बहुत हुई महँगाई की मार, कयां कर रही हे भाजप सरकार

**૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવાનું વચન આપનાર ભાજપનાં શાસનમાં મોંઘવારી બેકાબુ**

**जनता कहे छे के बहुत हुई महँगाई की मार, अब हटावो भाजप सरकार : चावडा**

**એક તરફ કાળઝાળ મોંઘવારી અને બીજી તરફ ભીષણ બેરોજગારીથી જનતા ત્રાહીમામ**

**આગામી દિવસોમાં ગૃહિણીઓ અને નાગરિકોને સાથે જન આંદોલન કરાશે : કોંગ્રેસ**




અમદાવાદ, તા. ૧૭

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે આજે મોંઘવારી એ દેશ અને ગુજરાતના એકેએક પરિવારને અસર કરતો સૌથી મોટો પ્રશ્ન બની ગયો છે. વર્ષ ૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટીએ 'બહુત હુઈ મહેંગાઈ કી માર, અબકી બાર મોદી સરકાર'નું સૂત્ર આપીને ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવાનું વચન આપ્યું હતું. લોકોને મોંઘવારીમાંથી મુકિત અપાવવાનાં સપનાં બતાવી મત મેળવ્યા હતા. આજે ૧૨ વર્ષ વીતી ગયાં, નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બન્યા, પરંતુ મોંઘવારી ઘટવાને બદલે સતત વધી છે. હવે જનતા કહે છે કે ' बहुत हुई महँगाई की मार, अब हटाओ भाजप सरकार.' એક તરફ સરકાર વિવિધ કરવેરા દ્વારા જનતાના ખિસ્સા ખાલી કરી પોતાની તિજોરી ભરે છે અને બીજી તરફ ઉત્સવો, તાયફાઓ તથા રાજકીય કાર્યક્રમો પાછળ નાણાં ખર્ચે છે. ગેસ સિલિન્ડર, ખાદ્યતેલ, દૂધ, છાશ, ખાદ્યપદાર્થો, પેટ્રોલ–ડીઝલ, સીએનજી અને પીએનજી સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધતાં સામાન્ય પરિવાર માટે ઘરનું બજેટ ચલાવવું મુશ્કેલ બન્યું છે.

કોંગ્રેસની યુપીએ સરકારના સમયમાં ખાદ્યતેલના ડબ્બાનો ભાવ આશરે રૂા. ૧,૧૦૦થી ૧,૨૦૦ હતો અને ગેસ સિલિન્ડરનો ભાવ રૂા. ૫૫૦થી ૪૦૦ હતો ત્યારે ભાજપના નેતાઓ સિલિન્ડર માથે મૂકીને મોંઘવારી સામે દેખાવો કરતા હતા. આજે ગુજરાતમાં ખાદ્યતેલના ડબ્બાનો ભાવ રૂા. ૩,૧૧૦ સુધી પહોંચી ગયો છે. તેલ મિલરો સાથેની મિલીભગત અને કરોડો રૂપિયાના ચૂંટણી ફંડના આક્ષેપો વચ્ચે ખાદ્યતેલના ભાવમાં થયેલો આ અસહ્ય વધારો અનેક સવાલો ઊભા કરે છે. ગુજરાતની ગૃહિણીઓની સ્થિતિ એવી થઈ છે કે હવે પૂરી તળવા માટે પણ તેલનો ઉપયોગ કરવો મુશ્કેલ બન્યો છે. ગુજરાતના સામાન્ય


**અનુસંધાન પાના ૬ ઉપર**


**ત્રિપલ સવારી બાઈકને કારચાલકે હડફેટે લીધુ**

## લીલીયામોટાથી ગારિયાધાર માર્ગ ઉપર પિતાની નજર સામે પુત્રનું અકસ્માતે મોત

**કાર ચાલક અકસ્માત કરી નાસી છુટતા શોધખોળ શરૂ**

અમરેલી, તા. ૧૭

લીલીયા તાલુકાના સનાળીયા ગામે રહેતા રાજુભાઈ ભોળાભાઈ વેકરિયા નામના ૪૨ વર્ષિય ખેડૂત તથા તેમનો દીકરો મરણ જનાર રૂત્વીક રાજુભાઈ વેકરિયા તથા તેમની દીકરી હેતલબહેન રાજુભાઈ વેકરિયા પોતાના હવાલાવાળા મોટર સાયકલ નંબર જી.જે.–૩૮ એ–૭૫૫૯નું લઈ ગત તા. ૧૬નાં સાંજના આશરે સાંજે પ:૩૦ વાગ્યા આસપાસ સનાળીયાથી ગારિયાધાર તાલુકાના ઠાસા ગામે જતા હોય અને ખેડૂત પોતે પોતાનું મોટર સાયકલ ચલાવતા હોય અને શાખપુર ગામના ગેટથી ગારિયાધાર તરફના રોડે આશરે દોઢેક કિ.મી. જેટલા અંતરે પહોંચતા સામેથી આરોપીએ પોતાના હવાલાવાળી ફોરવ્હીલ ગાડીજેના નંબર જી.જે.–૦૫ આરટી–૬૩૯૯ને પુરઝડપે અને બેફિકરાઈ રીતે ચલાવી ખેડૂતના મોટર સાયકલના હેન્ડલ સાથે અથડાવતા ખેડૂતે મોટર સાયકલ પરનો કાબુ ગુમાવતા ત્રણેય રસ્તા ઉપર પડી જતાં આરોપીએ પોતાની ફોરવ્હીલનું ટાયર ખેડૂતના દીકરા રૂત્વીકના માથા ઉપર ચલાવી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી ખેડૂતના દીકરા રૂત્વીકનું મોત નિપજાવી તથા ખેડૂતને જમણા હાથે ઈજા કરી પોતાની ફોરવ્હીલ ગાડી લઈ નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

**કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ**

## નાના રાજકોટ ગામે રહેતી પરિણીતાએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૭

લાઠી તાલુકાના નાના રાજકોટ ગામે રહેતી આરતીબેન ભુમીતભાઈ બંધીયા નામની ૨૬ વર્ષિય પરિણીતાએ ગત તા. ૧૫ નાં સાંજના આશરે આઠેક વાગ્યાથી સાડા નવેક વાગ્યા દરમિયાન કોઈપણ સમયે નાના રાજકોટ ગામે પોતાના રહેણાંક મકાને કોઈપણ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**સમગ્ર પંથકમાં ચકચારી જગાવતી ઘટનાની ફરિયાદ નોંધાઈ**

## લ્યો બોલો : બગસરાનાં યુવકે એક યુવતી સાથે કોર્ટ મેરેજ કરી લેતાં પાંચ આરોપીઓએ અપહરણનો કર્યો પ્રયાસ

**યુવતીને બદલે ભુલથી તેણીની નણંદનું અપહરણ કરી બાદમાં છોડી દીધી**

અમરેલી, તા. ૧૭

બગસરાનાં યુવકે પાર્વતી નામની યુવતી સાથે કોર્ટ મેરેજ કરેલ હોય તે વાતનું મનદુઃખ રાખી પાંચ જેટલાં આરોપીએ આ પાર્વતીનું અપહરણ કરવા આવેલ હતા. પરંતુ આ પાર્વતીનાં બદલે તેણીની નણંદનું અપહરણ કરી ભાગવા જતા આરોપીને પોતાની ભૂલ સમજતા અપહરણ કરેલ યુવતીને કારમાંથી ધક્કો મારી દઈ આરોપી નાસી ગયા હતા.

બગસરાનાં નટવરનગરમાં રહેતી કિંજલ કરશનભાઈ મેવાડા નામની ૨૦ વર્ષિય યુવતીનાં ભાઈ મનીષભાઈએ આજથી આશરે બે મહિના પહેલા જાફરાબાદ તાલુકાનાં મીઠાપુર ગામનાં કરશનભાઈ ભોપાભાઈ લામકા (રાઠોડ)ની દિકરી પાર્વતી સાથે કોર્ટ–મેરેજ કરેલ હોય અને તેણીનાં પાર્વતી ભાભીએ તેના પરિવારજનોની સહમતિ વગર યુવતીનાં ભાઈ સાથે કોર્ટ મેરેજ કરેલ હતા તે વાતનું મનદુઃખ રાખી આરોપી લાલભાઈ ગમારા (રહે–ગીર ગઢડા) તથા ગોપાલભાઈ કાબાભાઈ લામકા (રહે. મીઠાપુર તા. જાફરાબાદ) તથા ત્રણ અજાણ્યા ઈસમો મળી પાંચેય ઈસમોએ ગેરકાયદેસર મંડળી કાળા કલરની ફોર વ્હીલ કાર નં. જીજે–૧૩ સીબી–૫૨૯૦ આવી યુવતીનાં ઘરની દિવાલ ઠેકી ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી રૂમનો દરવાજો અંદરથી બંધ હોય, તે દરવાજાને પાટા મારી પાર્વતી દરવાજો ખોલ આજે તને પતાવી દેવી છે. તેમ કહી રૂમનો દરવાજો બળજબરી પુર્વક ખોલી દરવાજાનો નકુચો તોડી દરવાજો ખોલી અંદર રૂમમાં પ્રવેશ કરી યુવતીના બંન્ને હાથ તથા વાળ પકડી બળ જબરીપુર્વક રૂમમાંથી બહાર કાઢી ઢસડીને આરોપીઓએ ફોરવ્હીલ કારમાં યુવતીને બળજબરીપુર્વક ધકેલી દઈ અપહરણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અને તે કાર હંકારી દેતા તેણીએ રાડારાડ દેકારો કરવા લાગતા અને આજુબાજુનાં માણસો ભેગા થઈ ગયેલ હતા. ત્યારે કારમાં બેસેલ ગોપાલભાઈ લામકા યુવતીને ઓળખી ગયેલ કે આ પાર્વતી નથી અને પાર્વતીની નણંદ છે જેથી યુવતીને કારમાંથી નીચે ધકો મારી દઈ આ પાંચેય ઈસમો સ્કોર્પીયો કાર લઈને જતા રહેલ આ અંગે યુવતીએ પાંચેય જણા વિરૂધ્ધ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.










## કાળઝાળ મોંઘવારી, બેરોજગારીનાં માહોલ વચ્ચે અપુરતા વરસાદે ચિંતા વધારી

# અમરેલી જિલ્લા માટે વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ ચિંતાજનક રહેશે

**કૃષિ આધારિત સમગ્ર જિલ્લાનું અર્થતંત્ર ચાલતું હોય મગફળી, ઘઉં, ચણા અને જીરૂનું ઉત્પાદન ઘટવાની શક્યતાઓ**

**જિલ્લામાં બાંધકામ કે ઉદ્યોગ ક્ષેત્રને અપાતા પાણી ઉપર પણ કાપ લાગી શકે તેવી સ્થિતિ**

**આગામી માર્ચથી લઈને જુલાઈ સુધી પીવાનાં પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો પડશે**

**સમગ્ર ગુજરાતમાં પાણીની તંગીની આશંકા હોય રાજય અને કેન્દ્ર સરકાર માટે અગ્નિપરીક્ષા બનશે**

અમરેલી, તા. ૧૭ અમરેલી જિલ્લા સહિત રાજયની ૭ કરોડ જેટલી જનતા માટે વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ ચિંતાજનક સાબિત થાય તેવું હવામાન નિષ્ણાંતો અને અર્થશાસ્ત્રીઓનાં વિવિધ અભિપ્રાય ઉપરથી જોવા મળી રહ્યું છે.

અમરેલી જિલ્લામાં અપુરતો વરસાદ અને અલનીનોની અસરથી સિંચાઈ માટે પાણીની તંગી ઉભી થવાથી મગફળી, ઘઉં, ચણા, જીરૂ જેવા પાકોનાં ઉત્પાદનમાં જબ્બરો ઘટાડો થશે અને પાણીનાં અભાવથી બાંધકામ અને ઉદ્યોગક્ષેત્રને પણ પાણીની તંગીનો સામનો કરવો પડશે તેવું માનવામાં આવી રહ્યું છે.

એક તરફ વર્તમાન સમયમાં મોંઘવારી બેકાબુ અને ભીષણ બેરોજગારીમાં વધારો થવાની શક્યતાઓ વ્યકત કરાઈ રહી છે. તો પીવાનાં પાણીનો પણ કરકસરયુકત ઉપયોગ માટે જનજાગૃતિ ઉભી કરવી પડશે. આમ, વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ રાજય અને કેન્દ્ર સરકાર માટે અગ્નિપરીક્ષા રૂપી બને તેવું લાગી રહ્યું છે.

## સાવરકુંડલા : કે.કે. મહેતા સરકારી હોસ્પિટલમાં એક જ દિવસમાં ૧૯ સફળ પ્રસૃતિનો રેકોર્ડ



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા ખાતે આવેલી કે.કે. મહેતા સરકારી હોસ્પિટલે તબીબી ક્ષેત્રે એક અનોખી સિદ્ધિ હાસલ કરી છે. હોસ્પિટલ ખાતે એક જ દિવસમાં કુલ ૧૯ સફળ પ્રસુતિઓ સંપન્ન કરવામાં આવી છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં ગૌરવ અને ખુશીની લહેર ફેલાઈ ગઈ છે.

હોસ્પિટલનાં સત્તાવાર અહેવાલ મુજબ, ગત તા. ૧૩/૧૧/૨૦૨૬નાં રોજ માત્ર ૨૪ કલાકનાં ટૂંકા સમયગાળામાં કુશળ તબીબી ટીમના માર્ગદર્શન હેઠળ કુલ ૧૯ સફળ પ્રસુતિઓ કરવામાં આવી છે. આ વિશેષ સિદ્ધિની વિગતો નીચે મુજબ છે.

કુલ પ્રસુતિઓ: ૧૯, સામાન્ય પ્રસુતિ : ૧૬, સિઝેરિયન : ૩ તમામ ૧૯ માતાઓ અને નવજાત શિશુઓ સંપૂર્ણપણે સ્વસ્થ અને સ્થિર છે. અધિક્ષક ડો. વિવેક તરસરીયા, આર.એમ.ઓ. માલવિકા ચૌધરી અને મેટરનિટી વિભાગનાં હેડ નર્સ મીનાક્ષીબેન ત્રિવેદીનાં કુશળ માર્ગદર્શન હેઠળ આ સફળતા મળી છે. આ પ્રસુતિઓ સફળ બનાવવા માટે સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. રિયા રૂઘાણી, ડો. અભિષેક ચૌહાણ, ડો. દર્શિતા સોલંકી અને એનેસ્થેટિસ્ટ ડો. કુલદીપ કાવઠીયાની સાથે નર્સિંગ તથા સપોર્ટ સ્ટાફે ૨૪ કલાક ખડેપહેરે સેવા આપી હતી.

પ્રસુતિ દરમિયાન કોઈપણ પ્રકારની ગૂંચવણ કે જટિલતા ન સર્જાય તે માટે હોસ્પિટલમાં આધુનિક સાધનો અને અનુભવી સ્ટાફ તૈનાત રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સરકારની મહત્વપૂર્ણ "માતૃ વંદનાં યોજના" અને "જનની સુરક્ષા યોજના" અંતર્ગત તમામ લાભાર્થી માતાઓને જરૂરી નિઃશુલ્ક સારવાર અને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ પ્રશાસને જણાવ્યું છે કે, નાગરિકોના વિશ્વાસ અને સહયોગને લીધે જ હોસ્પિટલ ઉત્તરોત્તર ઉત્તમ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા કટિબદ્ધ છે. સાવરકુંડલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોએ હોસ્પિટલની આ સિદ્ધિ બદલ સમગ્ર તબીબી ટીમને અભિનંદન પાઠવ્યા છે.

**૧૮ નવેમ્બર, નેચરોપથી–ડે**

## નેચરોપથી – ફક્ત પથી નહી પણ જીવન જીવવાની પદ્ધતિ



અમરેલી, તા.૧૭

નેચરોપેથીએ પ્રાચીન ભારતની ચિકિત્સા પદ્ધતિ છે. જે જીવનના શારીરિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક અને સર્જનાત્મક સિદ્ધાંતો પર આધારિત છે. તેમાં મુખ્યત્વે શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવા પર ધ્યાન આપવામાં આવે છે. નેચરોપથી એ પંચતત્વ, આકાશ,વાયુ,અગ્નિ,જળ ,પૃથ્વીની મદદથી નિસર્ગોપચારનાં માધ્યમથી શરીરમાંથી વિજાતીય દ્રવ્યોને બહાર કાઢવાની પ્રક્રિયા છે. નિસર્ગોપચાર કેન્દ્રમાં, શરીરમાંથી દૂષિત તત્વો, વિષતત્વો, શરીરમાંથી દૂર કરવામાં આવે છે અને પોષક તવોની રચના અને વૃદ્ધિ પર સંપૂર્ણ ભાર મૂકવામાં આવે છે. આ પદ્ધતિની મુખ્ય વિશેષતા એ છે કે આ પદ્ધતિનાં કોઈ પણ ઉપચારનાં પ્રયોગમાં શરીરને કોઈ પણ જાતનું નુકસાન કે આડઅસર થતી નથી.

નેચરોપથીનો પ્રચાર ભારતમાં મહાત્મા ગાંધીજીએ કર્યો છે. તે હંમેશા કહેતા પ્રાકૃતિક ચિકિત્સા કે નેચરોપેથીએ કોઈ ચિકિત્સા પદ્ધતિ નથી એ એક જીવન જીવવાની સરળ પદ્ધતિ છે.

નેચરોપેથી કેન્દ્રમાં માત્ર દર્દીના દર્દો અને રોગો પણ ધ્યાન નથી આપવામાં આવતું પરંતુ તેમના સંપૂર્ણ શરીર અને પહેલા તે કેવી રીતે પોતાનું જીવન જીવી રહ્યા હતા તેમની જીવનશૈલી કેવી હતી તે શું કામ કરતા હતા તે દરેક વ્યક્તિ વ્યક્તિના વિશે માહિતી એકત્ર કરવામાં આવે છે તેની ઉપરથી નેચરોપેથી ચિકિત્સક કુદરતી ઉપચાર ચિકિત્સક તેમને કઈ કુદરતી ઉપચાર ચિકિત્સા કરાવવી તેના વિશે સંપૂર્ણ માહિતી આપે છે. ઘણા લોકો એવું માને છે કે આયુર્વેદ અને નેચરોપથી બંને સમાન છે પરંતુ એવું નથી.પ્રાચીન સમયમાં આ બંને પદ્ધતિઓને એક ગણાતી હતી પરંતુ ત્યારબાદ આયુર્વેદમાં જયારે તાજી વનસ્પતિઓને સુકી વનસ્પતિઓનો ઉપયોગ તેમજ વાટી, ઘુટી કે દવાનો પ્રયોગ શરૂ થયો ત્યારથી નેચરોપેથી આયુર્વેદથી વિખુટી પડી ગઈ. કુદરતી ઉપચાર પ્રક્રિયામાં ફક્ત કુદરતી સંસાધનો અને તાજા ફળો, ફૂલો અને શાકભાજીઓનો ઉપયોગ થાય છે. વર્તમાન સમયમાં જયારે સમગ્ર વિશ્વકોરોના મહામારીની ગંભીર પરીસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે આપણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો ભાગ ગણાતી નેચરોપથીનો પ્રયોગ કરતા રહેવું જોઈએ અને તે દ્વારા રોગ પ્રતિકારક શક્તિને વધુને વધુ મજબુત બનાવવી જોઈએ.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

**જૂની યાદો તાજી થઈ, સંગીતનાં સથવારે રાસ–ગરબા સાથે**

## લીલીયા મોટામાં ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

**કપલ ડાન્સ અને વિવિધ રમતો સાથે મિત્રોએ માણ્યો આનંદ**





લીલીયા, તા. ૧૭

દિવાળી પર્વ નિમિત્તે વતનની મુલાકાતે આવેલા લીલીયા મોટાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શ્યામ વાડી ખાતે ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વર્ષ ૧૯૮૫ દરમિયાન અમૃતબા વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી મિત્રો વર્ષો બાદ એકમંચ પર એકત્રિત થતાં જૂની યાદો ફરી જીવંત બની હતી.

ગૃપનાં સભ્યો રામજીભાઈ હોથી અને કિરીટભાઈ જેઠવા દ્વારા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રણ પાઠવી આ સ્નેહમિલનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વિદેશ સહિત મુંબઈ, સુરત જેવા શહેરોમાંથી ખાસ ઉપસ્થિત રહેલા મિત્રોએ પોતાના પરિવારજનો અને ધર્મપત્ની સાથે કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં નીતિન ભટ્ટ દ્વારા ઓર્કેસ્ટ્રા ગૃપ સાથે જૂના ફિલ્મી ગીતો અને સંગીતની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. ગીત–સંગીતનાં તાલે મિત્રોએ રાસ–ગરબા, કપલ ડાન્સ, વિવિધ રમતો અને હાસ્ય–વિનોદની પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લઈ આનંદની લહાણી કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મિત્રોએ શાળાનાં અભ્યાસકાળની યાદગાર પળો વાગોળી હતી. સાથે જ હાલમાં તેઓ જે ક્ષેત્રમાં કાર્યરત છે તે અંગે પોતાનો પરિચય આપી જીવનના અનુભવો પણ એકબીજા સાથે વહેંચ્યા હતા. આ મિલનમાં ડોકટરો, સરકારી અધિકારીઓ અને અગ્રણી વેપારીઓ સહિત વિવિધ ક્ષેત્રોમાં નામના ધરાવતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ચેતનભાઈ મહેતા દ્વારા આઈસ્ક્રીમની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી, જયારે દુલાભાઈ રામજીભાઈ ચાવડા દ્વારા ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. નીતિન ભટ્ટ અને તેમની ટીમ દ્વારા સંગીતમય કાર્યક્રમની સુંદર રજૂઆત બદલ ગાયકો અને મ્યુઝિશિયનોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન કાનાભાઈ શ્રદ્ધાવાળા દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. વર્ષો બાદ મળેલા શાળાનાં મિત્રોએ બાળ પણ અને વિદ્યાર્થીકાળની યાદોને ફરી જીવંત કરી એકબીજા સાથે લાગણીસભર સમય વિતાવ્યો હતો.

આ સ્નેહમિલન માત્ર એક મેળાવડો નહીં, પરંતુ વર્ષો જૂની મિત્રતા, સ્નેહ અને સંબંધોને વધુ મજબૂત બનાવતો યાદગાર પ્રસંગ બની રહ્યો હતો. સૌ મિત્રોની ઉત્સાહભેર ઉપસ્થિતિથી કાર્યક્રમ યાદગાર બન્યો હતો.

**અમરેલી નજીક આવેલ**

## ચિત્તલ નજીક રાંઢિયા ગામે પડસાલા પરિવાર દ્વારા વાસ્તુ પૂજન યોજાયું

**રાજયમંત્રી વેકરિયા, પૂર્વ મંત્રી ઉઘાડ ઉપસ્થિત રહ્યાં**



ચિત્તલ, તા. ૧૭

ચિત્તલ નજીક રાંઢિયા ગામે કાળુભાઈ ગોગનભાઈ પડસાલાને ત્યાં તાજેતરમાં તેમના નવા મકાનના વાસ્તુ–પૂજન નિમિતે અમરેલીનાં ઉર્જા તેમજ પેટ્રોકેમીકલ / કાયદા મંત્રી કૌશિક વેકરિયાએ હાજર રહી પડસાલા પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ પૂર્વ મંત્રી બાવકુંભાઈ ઉઘાડ પણ હાજર રહીયા હતા. તેમજ અમરેલી જિલ્લા પંચાયત સીટનાં અને અમરેલી જિલ્લા પંચાયત મહિલા, બાળ વિકાસ અને યુવા સમિતિના ચેરમેન શ્રીમતિ વિલાસબેન જયંતિભાઈ તથા ચિતલના વરિષ્ઠ પત્રકાર હર્ષદ ત્રિવેદીએ હાજર રહી શુભેચ્છાઓ પાઠવી હતી. પડસાલા પરિવારવતી તેમના સુપુત્રો મહેશભાઈ પડસાલા તથા હિંમતભાઈ કાળુભાઈ પડસાલાએ તેમને આવકારી પ્રસંગો ઉત્સવ સ્વાગત કર્યુ હતું.

**યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ**

## અમરેલી : અમર ડેરી ખાતે ૭૩મા અખિલ ભારતીય સહકાર સપ્તાહની ઉજવણી

**'પેકસનું ડિજિટલાઇઝેશન અને સશક્તિકરણ' વિષય પર સહકારી સેમિનાર યોજાયો**



અમરેલી, તા. ૧૭

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ (NCUI) ની ગાઈડલાઈન મુજબ અને ગુજરાત રાજય સહકારી સંઘના દિશાનિર્દેશો અનુસાર, અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા અમર ડેરી ખાતે ૭૩મા અખિલ ભારતીય સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે ધ્વજવંદન કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ સહકારી માળખાને વધુ મજબૂત બનાવવાના હેતુથી 'પેકસ (PACS) નું ડિજિટલાઇઝેશન અને સશક્તિકરણ' વિષય પર એક વિશેષ સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS) ને આધુનિક ટેકનોલોજીથી સજજ કરવા અને ખેડૂતોને વધુ ઝડપી તેમજ પારદર્શક સેવાઓ પૂરી પાડવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ગૌરવપૂર્ણ પ્રસંગે સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલીયા, ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ઉપાધ્યક્ષ અરૂણભાઈ પટેલ, બેન્કના ડાયરેકટર ભાવનાબેન ગોંડલિયા, જિલ્લા સહકારી સંઘના ડાયરેકટર ધીરૂભાઈ વાળા, યુથ વિંગના ડાયરેકટર રાજભાઈ જાની, નિખિલભાઈ પટેલ તેમજ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠિયા, અમરેલી જિલ્લા સહકારી સંઘના મેનેજર ભાર્ગવ ત્રિવેદી સહિત જિલ્લાના સહકારી આગેવાનો, મંડળીઓના પ્રતિનિધિઓ અને કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**કોતરવાડિયા પરિવાર દ્વારા થયુ આયોજન**

## અમરેલીનાં દેવભૂમિ દેવળીયા ગામે શ્રીમદ્ ભાગવત કથાનું થયુ સમાપન

**મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો**



અમરેલી, તા. ૧૭

અમરેલી તાલુકાનાં દેવભૂમિ દેવળીયા ગામે સમસ્ત કોતરવાડિયા પરિવાર દ્વારા સ્વર્ગસ્થ પિતૃઓના મોક્ષાર્થે આયોજિત સાત દિવસીય શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું ધાર્મિક માહોલમાં સમાપન થયું હતું. તા. ૧૧થી ૧૭ નવેમ્બર દરમિયાન યોજાયેલા આ ધાર્મિક આયોજનમાં દરરોજ મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી કથાનું રસપાન કર્યુ હતું.

આ કથાનું રસપાન શાસ્ત્રી દર્શનદાદા મહેતા (દેવભૂમિ દેવળીયા, હાલ સુરત) દ્વારા કરાવવામાં આવ્યું હતું. સપ્તાહ દરમિયાન ભાગવત મહાત્મ્ય, શિવ–પાર્વતી પ્રસંગ, કપિલમુનિ અવતાર, નરસિંહ અવતાર, વામન અવતાર, શ્રીકૃષ્ણ જન્મ, રૂક્ષ્મિણી વિવાહ, શ્રીરામ જન્મ, ગોવર્ધન લીલા અને સુદામા ચરિત્ર સહિતનાં ધાર્મિક પ્રસંગોનું ભાવસભર વર્ણન કરવામાં આવ્યું હતું.

આયોજનનાં ભાગરૂપે પોથીયાત્રા, માતૃ–પિતૃ પૂજન અને ભાગવતના આશીર્વાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા. કથાનાં અંતિમ દિવસે પૂર્ણાહુતિ સાથે સાત દિવસીય પારાયણ સંપન્ન થયું હતું.

સમગ્ર આયોજનમાં કોતરવાડિયા પરિવારનાં સભ્યોએ સહયોગ આપ્યો હતો. કથા શ્રવણ માટે આસપાસનાં ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.

## દેવભુમી દેવળીયા ખાતે પોલીસ દ્વારા શ્રમિકોનુ રજીસ્ટ્રેશન કરાયુ



અમરેલી, તા. ૧૭

દેવભુમિ દેવળીયા ગામ પંચાયત ઓફિસ ખાતે તાલુકા પોલીસ સ્ટેશન અમરેલી દ્વારા પરપ્રાંતીય મજુરો અને ખેતીવાડી ધારક ખેડૂત ખાતેદારની અમરેલી સુરક્ષા કવચ કવાયત ઈ રજીસ્ટ્રેશન કામગીરી વાકિયા આઉટ બીટ એએસઆઈ સુખદેવબાપુ ગોડલીયા, પોકો. નરેશભાઈ લીબડીયા, પોકો. નીજલબેન મેતલીયા, પોકો. કોમલબેન તલસાણીયા હાજર રહી ઉત્કૃષ્ટ કામગીરી હાથ ધરાઈ હતી.

## શ્રી ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે ગુરૂવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

દામનગર, તા. ૧૭

શ્રી ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે ૧૦૪ મો નેત્ર નિદાન કેમ્પ આયોજનકર્તા દાતા રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી તા.૧૯/૧૧/'૨૬ ને ગુરૂવારે સ્વયં પ્રગટ શ્રી ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે સવારના ૮થી બપોરનાં ૧૧:૩૦ સુધી લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી), સુદર્શન નેત્રાલય અમરેલી અને ભૂરખીયા મંદિર ટ્રસ્ટના સંયુકત ક્રમે યોજાનાર આ કેમ્પ અને મોતીયોના ઓપરેશન વિના મૂલ્યે કરી અપાશે, તેમજ નંબરના ચશ્મા રાહત દરે બનાવી આપનાર હોય આ નિદાન કેમ્પ સેવાનો લાભ લેવા જણાવવામાં આવેલ છે.

## ઈકો અર્થ ફાઉન્ડેશન, કુસુમકલા ફાઉન્ડેશન તથા કલીનઅપ અમરેલીનાં વોલેન્ટીયરો દ્વારા

# જંગલ વિસ્તારમાં "આપણું જંગલ પ્લાસ્ટિક મુકત જંગલ, સ્વચ્છ જંગલ" ડ્રાઈવ યોજાઈ

**દુધાળા-તુલસીશ્યામ ચેકપોસ્ટ અને આંબરડી લાયન નેચરપાર્ક-ધારી ખાતે જનજાગૃતિનો ઉમદા પ્રયાસ**

**તાજેતરમાં સવારે ૯થી સાંજનાં ૫ સુધી ૩૦૦થી વધુ વાહનોમાં સવાર ૧૨૦૦ પ્રવાસીઓને સમજ અપાઈ**

**સિંગલ યુઝ પ્લાસ્ટિકને બદલે પ્રવાસીઓનાં હિતમાં કપડાની થેલીનું વિતરણ કરવામાં આવ્યું**

**એસીએફ વાણિયા, આરએફઓ સરલા અને મહેશભાઈ પરમારની પ્રેરક ઉપસ્થિતિ રહી**



અમરેલી, તા. ૧૭

ઈકો અર્થ ફાઉન્ડેશન | અમરેલી, કુસુમકલા ફાઉન્ડેશન તથા કલીનઅપ અમરેલીના વોલેન્ટીયરો દ્વારા દુધાળા-તુલસીશ્યામ ચેકપોસ્ટ અને આંબરડી લાયન નેચરપાર્ક ધારી ખાતે પર્યાવરણની જાળવણી માટે 'હઆપણું જંગલ પ્લાસ્ટિક મુકત જંગલ-સ્વચ્છ જંગલ'' ડ્રાઈવ રાખવામાં આવી હતી.

આ ડ્રાઈવ અંતર્ગત તા. ૧૪/૧૧/૨૦૨૫ શનિવારે સવારે ૯ થી સાંજે ૫ સુધી દુધાળા-તુલસીશ્યામ ચેકપોસ્ટ ખાતે ફાઉન્ડેશન અને યુવા પ્રકૃતિપ્રેમી વોલએન્ટીયરો દ્વારા ૩૦૦થી વધુ વાહનોમાં સવાર ૧૨૦૦થી વધુ પ્રવાસીઓને જંગલમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા, વન્ય જીવોને ખલેલ ન પહોંચાડવા સંલગ્ન જાગૃતિ ફેલાવવામાં આવેલ હતી. જંગલ પ્રવાસ દરમિયાન ઉપયોગ કરેલ સિંગલ યુઝ પ્લાસ્ટિકને જયાં ત્યાં ફેંકવાની જગ્યાએ કપડાની થેલીમાં પેક કરી જંગલ બહાર યોગ્ય નિકાલ કરવા માટે કપડાની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું અને આ તકે આરએફઓ સવશીભાઈ સરલા અને એસીએફ અમિતભાઈ વાણિયાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

તા. ૧૫/૧૧/૨૦૨૫ રવિવારે સવારે ૧૦થી સાંજે ૫ સુધી આંબરડી નેચરપાર્ક ધારી ખાતે ૨૦૦૦થી વધુ યુવાનો અને નાગરિકોને પર્યાવરણીય પ્રવાસન સ્થળોએ સ્વચ્છતા જાળવવા, સિંગલ યુઝડ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા સંલગ્ન જાગૃતિ ફેલાવવામાં આવેલ હતી અને કલાયમેટ ચેન્જના વૈશ્વિક પડકારોને પહોંચી વળવાનાં સામૂહિક પ્રયાસના ભાગરૂપે તૈયાર કરવામાં આવેલ 'કલાઈમેટ હીરો'' ચેલેન્જમાં જોડાવા સમજ આપવામાં આવી હતી. આ તકે મહેશભાઈ પરમારની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

## લીલીયા મોટા : જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયા ઉપસ્થિત રહ્યા



લીલીયા મોટા, તા. ૧૭

લીલીયા મોટા ખાતે વોરા પરિવાર દ્વારા માતાજીના યજ્ઞનું ભવ્ય, ધાર્મિક અને ભક્તિમય આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર ધાર્મિક પ્રસંગમાં અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન ચોડવડિયાએ ખાસ ઉપસ્થિતિ આપી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ પ્રસંગે કૈલાસબેન જીવનભાઈ વોરા તેમજ સમસ્ત વોરા પરિવાર દ્વારા જિલ્લા પંચાયત પ્રમુખદક્ષાબેન ચોડવડિયાનું ફૂલહાર થી ઉષ્માભેર સન્માન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિ અને શ્રદ્ધાના માહોલમાં યોજાયેલા આ યજ્ઞ પ્રસંગે મોટી સંખ્યામાં પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. દક્ષાબેન ચોડવડિયાની પ્રેરણાદાયી ઉપસ્થિતિથી આ ધાર્મિક મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ થઈ હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ-૯૪૨૮૩ ૪૦૯૩૪

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુવિર સિકયુરીટી એજન્સી-અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

સાંભળવાની તકલીફ છે ?
• આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
• જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
• જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

Shine 100 DX
હવે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાનો ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એક્સ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
Also Available in S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શિવ ફરસાણ (ઘારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મશળે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

Crafted with a Striking New Design
NEW Fascino 125 Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
ALL NEW HF. Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹3000
POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
VISIT YOUR NEAREST HERO DEALERSHIP TODAY!
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### ચૂંટણી પંચે ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરી

# યુપીમાં ૧૮.૮૪ લાખ નવા મતદારો ઉમેરાયા, ૧૮-૧૯ વયજૂથમાં ૫.૮૦ લાખનો ઘટાડો

**મહિલા મતદારોમાં પુરુષો કરતાં વધુ વધારો, અંદાજિત વસ્તી અને મતદાર સંખ્યા વચ્ચે ૨.૫૮ કરોડનો તફાવત**

લખનૌ,તા.૧૭

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરી છે. નવી યાદી મુજબ રાજ્યમાં કુલ મતદારોની સંખ્યામાં ૧૮,૮૪,૧૧૩નો વધારો થયો છે. જોકે, કુલ મતદારો વધ્યા હોવા છતાં ૧૮થી ૧૯ વર્ષની વયના યુવા મતદારોની સંખ્યામાં ૫.૮૦ લાખથી વધુનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ મહિલા મતદારોની સંખ્યામાં પુરુષો કરતાં વધુ વધારો થયો છે. ડ્રાફ્ટ યાદીના આંકડાઓમાં રાજ્યની અંદાજિત વસ્તી અને નોંધાયેલા મતદારો વચ્ચે આશરે ૨.૫૮ કરોડનો તફાવત પણ સામે આવ્યો છે.ચૂંટણી પંચના આંકડા અનુસાર નવી ડ્રાફ્ટ યાદીમાં પુરુષ મતદારોની સંખ્યામાં ૭,૮૭,૪૪૯નો વધારો થયો છે. આ સાથે રાજ્યમાં કુલ પુરુષ મતદારોની સંખ્યા લગભગ ૭.૩૮ કરોડ થઈ છે.

મહિલા મતદારોની સંખ્યામાં ૧૦,૯૬,૮૨૮નો વધારો નોંધાયો છે અને કુલ મહિલા મતદારોની સંખ્યા લગભગ ૬.૨૦ કરોડ થઈ છે. એટલે કે નવી યાદીમાં પુરુષોની સરખામણીએ મહિલા મતદારોનો વધારો લગભગ ૩.૦૯ લાખ વધુ રહ્યો છે.

તૃતીય લિંગના મતદારોની સંખ્યામાં જોકે ઘટાડો નોંધાયો છે. અગાઉની યાદીમાં ૪,૨૦૬ મતદારોની સામે નવી ડ્રાફ્ટ યાદીમાં આ સંખ્યા ઘટીને ૪,૦૪૨ થઈ છે.ડ્રાફ્ટ મતદાર યાદીમાં સૌથી વધુ ધ્યાન ખેંચતો ફેરફાર ૧૮થી ૧૯ વર્ષની વયના મતદારોને લઈને છે. અગાઉની અંતિમ યાદીમાં આ વયજૂથના ૧૭,૬૩,૩૬૦ મતદારો નોંધાયેલા હતા. નવી ડ્રાફ્ટ યાદીમાં આ સંખ્યા ઘટીને ૧૧,૮૩,૩૫૨ થઈ ગઈ છે.

અર્થાત્ આ વયજૂથમાં કુલ ૫,૮૦,૦૦૮ મતદારોનો ઘટાડો થયો છે. પ્રથમ વખત મતદાન કરનારા યુવાનોની સંખ્યામાં આવેલા આ ઘટાડાને કારણે મતદાર યાદીના આંકડાઓ અંગે ખાસ ચર્ચા થવાની શક્યતા છે.

૧૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ જાહેર થયેલી અંતિમ મતદાર યાદીમાં ઉત્તર પ્રદેશમાં કુલ ૧૩,૩૯,૮૪,૭૯૨ મતદારો હતા. તેમાં ૭,૩૦,૭૧,૦૬૧ પુરુષ, ૬,૦૯,૦૯,૫૨૫ મહિલા અને ૪,૨૦૬ તૃતીય લિંગના મતદારોનો સમાવેશ થતો હતો.

નવી ડ્રાફ્ટ યાદીમાં કુલ મતદારોની સંખ્યા વધીને ૧૩,૫૮,૬૮,૯૦૫ થઈ છે. એટલે કે અગાઉની યાદીની સરખામણીએ ૧૮,૮૪,૧૧૩ મતદારોનો વધારો થયો છે.ડ્રાફ્ટ મતદાર યાદીના આંકડાઓ અને વર્ષ ૨૦૨૬ની અંદાજિત વસ્તીની સરખામણી કરવામાં આવે તો મોટો તફાવત જોવા મળે છે. અંદાજિત વસ્તીના આધારે રાજ્યમાં લગભગ ૧૬.૧૬ કરોડ મતદારો હોવા જોઈએ, જ્યારે ડ્રાફ્ટ યાદીમાં ૧૩.૫૮ કરોડ મતદારો નોંધાયા છે.

આ રીતે બંને આંકડાઓ વચ્ચે આશરે ૨.૫૮ કરોડનો તફાવત જોવા મળે છે. પુરુષોની અંદાજિત વસ્તી અને પુરુષ મતદારો વચ્ચે આશરે ૯૪.૧૭ લાખનો તફાવત છે, જ્યારે મહિલાઓની અંદાજિત વસ્તી અને મહિલા મતદારો વચ્ચે આ અંતર લગભગ ૧.૬૪ કરોડ છે.

૧૮થી ૧૯ વર્ષના વયજૂથમાં પણ મોટો તફાવત જોવા મળે છે. આ વયજૂથની અંદાજિત વસ્તી ૮૪.૪૭ લાખ હોવાનું જણાવાયું છે, જ્યારે ડ્રાફ્ટ મતદાર યાદીમાં માત્ર ૧૧.૮૩ લાખ મતદારો નોંધાયેલા છે. ચૂંટણી પંચે રાજ્યના જિલ્લા ચૂંટણી અધિકારીઓ મારફતે માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને ડ્રાફ્ટ મતદાર યાદીની હાર્ડ અને સોફ્ટ કોપી ઉપલબ્ધ કરાવી છે. પૂરક મતદાર યાદીની સોફ્ટ કોપી પણ પક્ષોને આપવામાં આવી છે.

સામાન્ય નાગરિકો માટે પણ ડ્રાફ્ટ મતદાર યાદી અને પૂરક યાદીઓ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી મતદારો પોતાના નામ અને વિગતો ચકાસી શકે.

મતદારો પોતાના મતદાન મથક પર ઉપલબ્ધ ડ્રાફ્ટ મતદાર યાદીમાં નામ ચકાસી શકે છે. આ ઉપરાંત સંબંધિત બૂથ લેવલ ઓફિસર (BLO) પાસેથી પણ માહિતી મેળવી શકાય છે.

ઓનલાઈન નામ તપાસવા માટે ECINET મોબાઈલ એપ, ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીની વેબસાઈટ અને ચૂંટણી પંચના નાગરિક સેવા પોર્ટલનો ઉપયોગ કરી શકાય છે.

ડ્રાફ્ટ યાદી જાહેર થયા બાદ હવે મતદારો માટે પોતાની વિગતો ચકાસી જરૂરી સુધારા કરાવવાની પ્રક્રિયા પણ મહત્વપૂર્ણ બની રહેશે.

### પાકિસ્તાનના મંત્રીને ભારત સરકાર બિરયાની ખવડાવશે

# SCO સમિટના આમંત્રણ મુદ્દે કોંગ્રેસના ભાજપ પર પ્રહાર

**૨૦થી ૨૨ નવેમ્બર દરમિયાન દિલ્હીમાં યોજાનારા સંમેલનમાં પાકિસ્તાની મંત્રી મુસાદિક મલિક લેશે ભાગ**

નવી દિલ્હી,તા.૧૭

ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે નવી દિલ્હીમાં યોજાનારી શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ની બેઠકને લઈને દેશના રાજકારણમાં નવો વિવાદ ઊભો થયો છે. ભારત સરકારે SCOના તમામ સભ્ય દેશોને સંમેલનમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. પાકિસ્તાને પણ આ આમંત્રણ સ્વીકાર્યું છે અને પોતાના પર્યાવરણ તથા જળવાયુ પરિવર્તન મંત્રી મુસાદિક મલિકને ભારત મોકલવાનો નિર્ણય કર્યો છે. આ મુદ્દે કોંગ્રેસે કેન્દ્રની મોદી સરકારને ઘેરતા સવાલ કર્યો છે કે જે પાકિસ્તાન સામે આતંકવાદને લઈને ભારત સતત અવાજ ઉઠાવે છે, તેના મંત્રીનું હવે ભારતમાં સ્વાગત કરવામાં આવશે અને તેમને બિરયાની ખવડાવવામાં આવશે? કોંગ્રેસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મોદી સરકારની પાકિસ્તાન નીતિ સામે સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસનો આરોપ છે કે પાકિસ્તાન દ્વારા આતંકવાદી હુમલાઓમાં ભારતીય નાગરિકોના જીવ ગયા હોવા છતાં સરકાર પાકિસ્તાની મંત્રીની મહેમાનગતિ કરવા જઈ રહી છે.

કોંગ્રેસે મુસાદિક મલિકના જૂન મહિનાના નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો હતો. મલિકે સિંધુ જળ સમજૂતીના મુદ્દે ભારતને ધમકી આપતાં કહ્યું હતું કે પાકિસ્તાનના પાણીના હકમાં દખલ કરનાર હાથ કાપી નાખવામાં આવશે. કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ સરકારને સવાલ કર્યો કે એપ્રિલ ૨૦૨૫માં પહેલગામના બૈસરન વિસ્તારમાં થયેલા આતંકી હુમલા બાદ અત્યાર સુધીમાં એવું શું બદલાયું છે કે પાકિસ્તાન સાથે આ પ્રકારની ભાગીદારી થઈ રહી છે? તેમણે કહ્યું કે SCO બહુપક્ષીય સંગઠન હોવાથી તમામ સભ્ય દેશોની ભાગીદારી સ્વાભાવિક છે, પરંતુ પાકિસ્તાનના આતંકવાદ સંબંધિત વલણમાં કોઈ મૂળભૂત ફેરફાર દેખાતો નથી.નવી દિલ્હીના ઐતિહાસિક પુરાના કિલ્લામાં ૨૦થી ૨૨ નવેમ્બર દરમિયાન SCO સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમ યોજાવાનો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે મુસાદિક મલિકને દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે નિયુક્ત કર્યા છે. આ મુલાકાત ૨૦૨૩ બાદ કોઈ પાકિસ્તાની સંઘીય મંત્રીની ભારતની પ્રથમ મુલાકાત બની શકે છે.બીજી તરફ, ભારતનું કહેવું છે કે SCOના તમામ સભ્ય દેશોને પરંપરા મુજબ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સંમેલનનો મુખ્ય હેતુ સભ્ય દેશો વચ્ચે સાંસ્કૃતિક વારસો, સંવાદ અને પરસ્પર સમજણને પ્રોત્સાહન આપવાનો છે.હવે આ બેઠક દરમિયાન ભારત અને પાકિસ્તાનના પ્રતિનિધિઓ વચ્ચે કેવો માહોલ રહે છે અને રાજકીય વિવાદ આગળ કેવું સ્વરૂપ લે છે તેના પર સૌની નજર રહેશે.

### આગ લાગતાં શિપિંગ કંપનીઓમાં ફફડાટ

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઓઇલ ટેન્કર બારૂદી સુરંગ સાથે અથડાયું

**ટક્કર બાદ ટેન્કરના એન્જિન રૂમમાં આગ લાગી હતી અને જહાજની કામગીરી પર ગંભીર અસર પડી હતી**

નવી દિલ્હી,તા.૧૭

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં દરિયાઈ સુરક્ષાને લઈને ચિંતાજનક ઘટના સામે આવી છે. ઓમાનના ખાસાબના દરિયાકાંઠાથી આશરે ૧૩ કિલોમીટર દૂર એક ઓઇલ ટેકર દરિયાઈ બારૂદી સુરંગ સાથે અથડાયું હોવાની માહિતી સામે આવી છે. ટક્કર બાદ ટેકરના એન્જિન રૂમમાં આગ લાગી હતી અને જહાજની કામગીરી પર ગંભીર અસર પડી હતી.

બ્રિટનની મેરિટાઇમ સિક્યુરિટી એજન્સી UKMTO એ ઘટનાની જાણકારી આપી છે. પ્રાથમિક માહિતી મુજબ ટેકરમાં સવાર તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત હોવાનું જણાવાયું છે. જોકે, જહાજને થયેલા નુકસાનની સંપૂર્ણ વિગતો હજુ સ્પષ્ટ થઈ નથી.

ઈરાની નૌકાદળે પણ ઘટનાની પુષ્ટિ કરતાં ટેકરને મોટું નુકસાન થયું હોવાનું જણાવ્યું છે. ઈરાનનો દાવો છે કે જહાજ પ્રતિબંધિત દરિયાઈ વિસ્તારમાં પ્રવેશ્યું હતું અને તેની નેવિગેશન સિસ્ટમ પણ બંધ હતી. ઈરાન અગાઉથી જ આ વિસ્તારમાં જહાજોની અવરજવર અંગે ચેતવણી આપી રહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દરિયાઈ સુરંગ સાથે ટેકરો અથડાવાની આ ચોથી ઘટના હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. અગાઉ પણ કેટલાક ઓઇલ ટેકરો દરિયાઈ સુરંગની અડફેટે આવ્યા હોવાના અહેવાલો સામે આવ્યા હતા. કેટલાક જહાજોમાં આગ લાગવાથી ગંભીર નુકસાન થયું હોવાનું પણ જણાવાયું છે.આ સતત ઘટનાઓને કારણે વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગોમાંના એક સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં સુરક્ષાને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા વધી છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વૈશ્વિક ઊર્જા વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ માર્ગ છે. અહીંથી મોટા પ્રમાણમાં કાચું તેલ અને કુદરતી ગેસનું પરિવહન થાય છે. તેથી આ માર્ગ પર વધતી અસ્થિરતા માત્ર શિપિંગ કંપનીઓ માટે જ નહીં, પરંતુ વૈશ્વિક ઊર્જા બજાર માટે પણ મહત્વપૂર્ણ બની શકે છે.ટેકરો પર સતત હુમલા અને દરિયાઈ સુરંગના જોખમને કારણે શિપિંગ કંપનીઓ માટે વીમા ખર્ચ, સુરક્ષા વ્યવસ્થા અને પરિવહન માર્ગ અંગેના જોખમો વધી શકે છે. જો આ સ્થિતિ લાંબી ચાલે તો તેલ અને ગેસના વૈશ્વિક પુરવઠા પર પણ અસર પડવાની શક્યતા છે.સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં તણાવ વધવાથી ક્રૂડ ઓઇલના ભાવમાં અસ્થિરતા વધવાની શક્યતા છે. ભારત જેવા મોટા ક્રૂડ આયાતકાર દેશ માટે ક્રૂડમાં તેજી આયાત બિલ, રૂપિયા અને મોંઘવારી માટે નકારાત્મક બની શકે છે. બીજી તરફ, ઓઇલ અને ગેસ સંબંધિત કંપનીઓ તથા શિપિંગ ક્ષેત્રમાં સ્ટોક-સ્પેસિફિક અસર જોવા મળી શકે છે. આગામી સત્રોમાં બજારની નજર હોર્મુઝમાંથી ઓઇલ સપ્લાય, ટેકર મૂવમેન્ટ અને પશ્ચિમ એશિયાની ભૂરાજકીય સ્થિતિ પર રહેશે.

### જેતલસર જંક્શનને બચાવવા જનઆંદોલન તેજ

# રેલવે તંત્ર સામે ગ્રામજનોની આરપારની લડાઈ, આમરણાંત ઉપવાસ શરૂ

**૧૮૯૦માં સ્થાપેલું ઐતિહાસિક જંક્શન આજે અસ્તિત્વની લડાઈ લડી રહ્યું છે, ૭૦ કર્મચારીઓની બદલીથી વેપાર-ધંધા પર સંકટ**

રાજકોટ,તા.૧૭

સૌરાષ્ટ્રના રેલવે ઇતિહાસમાં આગવું સ્થાન ધરાવતું જેતલસર જંકશન આજે પોતાનું અસ્તિત્વ અને ગૌરવ બચાવવા સંઘર્ષ કરી રહ્યું છે. એક સમયે બે હજારથી વધુ રેલવે કર્મચારીઓની ચહલપહલથી ધમધમતું આ જંકશન આજે રેલવે વિભાગોના સ્થળાંતર અને કર્મચારીઓની બદલીઓને કારણે ચર્ચામાં આવ્યું છે. રેલવે તંત્રની કામગીરી સામે સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ મુદ્દે રેલવે બચાવ સમિતિના બેનર હેઠળ ગ્રામજનોએ જનઆંદોલન શરૂ કર્યું છે. ગામમાં સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો અને વિશાળ રેલી બાદ ગ્રામજનોએ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા છે.જેતલસર જંકશનનો ઇતિહાસ ગોંડલના રાજવી પરિવાર સાથે જોડાયેલો છે. વર્ષ ૧૮૯૦માં ગોંડલના રાજવી ભગવતસિંહજી દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી. એક સમયે આ જંકશન પશ્ચિમ રેલવેનું મહત્ત્વનું કેન્દ્ર ગણાતું હતું. અહીં ૧૮ રેલવે લાઇનો, આશરે ૯૭૦ રેલવે ક્વાર્ટર્સ અને બે હજારથી વધુ કર્મચારીઓ કાર્યરત હતા. પરંતુ સમય જતાં રેલવેના વિવિધ વિભાગોનું સ્થળાંતર થતાં જંકશનની રોનક ઘટી હોવાનું સ્થાનિકોનું કહેવું છે.

તાજેતરમાં લોકો પાયલટ અને ગાર્ડ સહિત આશરે ૭૦ કર્મચારીઓની રાજકોટ ખાતે બદલી કરવામાં આવતાં વિવાદ વધુ વકર્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ બદલીઓના કારણે આશરે ૭૦ પરિવારો અને ૮૦૦થી ૯૦૦ લોકોના સ્થળાંતરની સ્થિતિ ઊભી થઈ શકે છે. તેની સીધી અસર સ્થાનિક દુકાનદારો, વેપારીઓ અને નાના ધંધાર્થીઓ પર પડવાની ભીતિ છે.

આંદોલનકારીઓના જણાવ્યા મુજબ, અગાઉ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાની પહેલથી રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે ગ્રામજનોની બેઠક યોજાઈ હતી. તે સમયે હકારાત્મક ખાતરી મળતાં આંદોલન સમેટવામાં આવ્યું હતું. જોકે, મુખ્ય માંગણીઓનો નક્કર અમલ થયો નથી તેવો ગ્રામજનોનો આક્ષેપ છે.

ગ્રામજનોની મુખ્ય પાંચ માંગણીઓ લોકો લોબી અને બ્રેકડાઉન વિભાગ જેતલસર ખાતે પરત લાવવામાં આવે.કેરેજ ડિપાર્ટમેન્ટ સંપૂર્ણપણે શરૂ કરવામાં આવે.

મેડિકલ સુવિધાઓ અને મોડેલ સ્ટેશનનું કામ શરૂ કરવામાં આવે. કેટરિંગ અને બેડિંગ સપ્લાય જેતલસરથી કરવામાં આવે.

આશરે ૧૦ લાખ ચોરસ મીટર ઉપલબ્ધ રેલવે જમીન પર નવા વિભાગો શરૂ કરવામાં આવે.

રેલ રોકો આંદોલનની પણ ચીમકી

ગ્રામજનોએ સ્પષ્ટ કર્યું છે કે જેતલસર જંકશનને ફરીથી મહત્ત્વનું રેલવે કેન્દ્ર બનાવવા માટે નક્કર નિર્ણય લેવો જરૂરી છે. આમરણાંત ઉપવાસ છતાં માંગણીઓનો ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં રેલ રોકો સહિતનું ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.હવે સમગ્ર વિસ્તારની નજર રેલવે તંત્રના આગામી નિર્ણય પર છે. જેતલસરનો મુદ્દો માત્ર રેલવે સ્ટેશન પૂરતો મર્યાદિત નથી, પરંતુ સ્થાનિક રોજગાર, વેપાર-ધંધા અને હજારો લોકોના ભવિષ્ય સાથે જોડાયેલો છે.

### હનુમાન ચાલીસા અને દર્શકોની આસ્થાનો પણ ઉલ્લેખ

# પશ્ચિમ બંગાળના SVF સિનેમાની ૩૦ મલ્ટિપ્લેક્સમાં નવો નિયમ લાગુ

**ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન ઓડિટોરિયમમાં માત્ર શાકાહારી ભોજન જ મળશે**

કોલકાતા,તા.૧૭

રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ અભિનિત ફિલ્મ 'રામાયણ'ને લઈને પશ્ચિમ બંગાળના સિનેમા જગતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ફિલ્મ પ્રત્યે દર્શકોની આસ્થા અને ધાર્મિક લાગણીઓને ધ્યાનમાં રાખીને રાજ્યની જાણીતી મલ્ટિપ્લેક્સ ચેઇન SVF સિનેમાએ ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન ઓડિટોરિયમની અંદર માંસાહારી ભોજન પીરસવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ નિર્ણય પશ્ચિમ બંગાળમાં આવેલી જીફલ્લીની તમામ ૩૦ મલ્ટિપ્લેક્સમાં લાગુ કરવામાં આવ્યો છે.મલ્ટિપ્લેક્સના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, 'રામાયણ' હિન્દુ મહાકાવ્ય પર આધારિત હોવાથી લોકોની ધાર્મિક લાગણીઓ અને ભક્તિને માન આપીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ફિલ્મના શો દરમિયાન ઓડિટોરિયમની અંદર માત્ર શાકાહારી ભોજન જ પીરસવામાં આવશે.જોકે, દર્શકો માટે એક રાહતની વાત એ છે કે મલ્ટિપ્લેક્સના બહારના ફૂડ કાઉન્ટર પર માંસાહારી ભોજન પહેલાની જેમ ઉપલબ્ધ રહેશે. આ નિયમ માત્ર 'રામાયણ' ફિલ્મના સ્ક્રીનિંગ માટે જ લાગુ પડશે. અન્ય ફિલ્મો માટે ફૂડ સર્વિસમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.મલ્ટિપ્લેક્સ ચેઇનના માલિકે જણાવ્યું હતું કે કેટલીક ફિલ્મો માત્ર મનોરંજનનું સાધન નથી હોતી, પરંતુ લોકોની આસ્થા સાથે પણ જોડાયેલી હોય છે. તેમણે કહ્યું કે જ્યારે ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન હનુમાન ચાલીસા વગાડવામાં આવે છે ત્યારે ઓડિટોરિયમનું વાતાવરણ મંદિર જેવું બની જાય છે.તેમણે ૨૦૨૪માં રિલીઝ થયેલી ફિલ્મ 'મહાવતાર નરસિંહ'નો પણ ઉલ્લેખ કર્યો હતો. તે સમયે ઘણા દર્શકોએ થિયેટરમાં પ્રવેશતાં પહેલાં પોતાનાં જૂતાં-ચંપલ બહાર ઉતાર્યાં હતાં. આ ઉપરાંત 'હનુમાન અંશ' ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન પણ દર્શકોએ માત્ર શાકાહારી ભોજન પીરસવાની વિનંતી કરી હતી.SVF સિનેમાનો આ નિર્ણય ધાર્મિક વિષયવસ્તુ ધરાવતી ફિલ્મોના સ્ક્રીનિંગ દરમિયાન દર્શકોના અનુભવને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. હવે પશ્ચિમ બંગાળના ૩૦ મલ્ટિપ્લેક્સમાં 'રામાયણ' જોવા આવતા દર્શકોને ઓડિટોરિયમની અંદર માત્ર શાકાહારી ભોજન જ મળશે. આ નિર્ણય સિનેમા જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### LCBની મોટી કાર્યવાહી

# દહેગામના નાંદોલ ગામે ભોંયરામાંથી ૧૪.૪૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**ઘરની બાજુની ઓરડીમાં બનાવેલા ગુપ્ત ભોંયરામાંથી વિદેશી દારૂ અને બિયરના ૮,૭૪૪ નંગ મળ્યાં, મુખ્ય આરોપી પોલીસને હાથતાળી આપી ફરાર**

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં દારૂબંધીના કાયદાનો ભંગ કરીને ગેરકાયદે દારૂનો વેપાર કરતા તત્ત્વો સામે પોલીસ દ્વારા કાર્યવાહી તેજ કરવામાં આવી છે. ગાંધીનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB-૧)ની ટીમે દહેગામ તાલુકાના નાંદોલ ગામે મોટી રેડ કરી વિદેશી દારૂના ગેરકાયદે જથ્થાનો પર્દાફાશ કર્યો છે. પોલીસને બાતમી મળી હતી કે ગામની સીમમાં આવેલા એક મકાનની બાજુની ઓરડીમાં ભોંયરું બનાવી વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે દરોડો પાડતાં પોલીસને ૧૪.૪૨ લાખ રૂપિયાથી વધુ કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો.મળતી માહિતી મુજબ, નાંદોલ ગામની સીમમાં આવેલા નીલકંઠ મહાદેવના છપરા પાસે આરોપી રણજીતસિંહ દિનેશજી ઠાકોરના ઘરની બાજુમાં આવેલી ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો. પોલીસની ન્ક્ઝ-૧ ટીમે સ્થળ પર તપાસ કરતાં ઓરડીમાં બનાવેલા ગુપ્ત ભોંયરામાંથી વિદેશી દારૂ અને બિયરના ટીન મળી કુલ ૮,૭૪૪ નંગનો જથ્થો મળી આવ્યો હતો.દરોડા દરમિયાન પોલીસે વિદેશી દારૂ અને અન્ય સામગ્રી સહિત કુલ ૧૪.૪૨ લાખ રૂપિયાથી વધુ કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની આ કાર્યવાહીથી ગેરકાયદે દારૂનો સંગ્રહ કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.રેડ દરમિયાન મુખ્ય આરોપી રણજીતસિંહ દિનેશજી ઠાકોર સ્થળ પર હાજર મળી આવ્યો નહોતો. પોલીસના દરોડાની જાણ થતાં તે ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.હવે પોલીસ દ્વારા ફરાર આરોપીને ઝડપી પાડવા માટે શોધખોળ શરૂ કરવામાં આવી છે. આટલો મોટો દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

### રુદ્રપ્રયાગમાં બોલેરો ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી

# ઉત્તરાખંડમાં મોતનું તાંડવ : બે દિવસમાં બે ભયાનક અકસ્માત

**બંને અકસ્માતોમાં વાહનો ઊંડી ખીણ અને પાણીમાં ખાબકતાં બચાવ કામગીરી પડકારજનક બની હતી**

ઉત્તરાખંડ,તા.૧૭

ઉત્તરાખંડમાં છેલ્લા બે દિવસમાં થયેલા બે ગમખ્વાર માર્ગ અકસ્માતોએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. રુદ્રપ્રયાગ અને ઋષિકેશ-બદ્રીનાથ હાઇવે પર બનેલી આ બંને દુર્ઘટનાઓમાં અત્યાર સુધીમાં કુલ ૧૨ લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બંને અકસ્માતોમાં વાહનો ઊંડી ખીણ અને પાણીમાં ખાબકતાં બચાવ કામગીરી પડકારજનક બની હતી.

સોમવારે મોડી સાંજે રુદ્રપ્રયાગ જિલ્લાના બાંસવાડા-કંડાડા મોટર માર્ગ પર એક બોલેરો વાહન અચાનક નિયંત્રણ ગુમાવી રસ્તાથી આશરે ૫૦૦ મીટર નીચે ઊંડી ખીણમાં ખાબક્યું હતું. વાહનમાં કુલ ૧૦ લોકો સવાર હતા અને તેઓ લગ્ન સમારોહમાં હાજરી આપીને પોતાના ગામ પરત ફરી રહ્યા હતા. અકસ્માતમાં ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અકસાનની જાણ થતાં જ જિલ્લા આપત્તિ નિયંત્રણ તંત્ર, DDRF, SDRF અને પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. ઊંડી ખીણ, ઊભા ખડકો અને અંધારાના કારણે બચાવ કામગીરી અત્યંત મુશ્કેલ બની હતી. તેમ છતાં રેસ્ક્યુ ટીમોએ રાત્રે મોડા સુધી કામગીરી ચાલુ રાખી અને તમામ છ ઘાયલોને સ્ટ્રેચરની મદદથી બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

મંગળવારે ઋષિકેશ-બદ્રીનાથ હાઇવે પર ગૂલર બજાર નજીક વધુ એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. મુસાફરોથી ભરેલી બસ બેકાબૂ બની પુલ પરથી આશરે ૧૦૦ મીટર નીચે પાણીમાં ખાબકી હતી. બસમાં અંદાજે ૩૦થી ૩૫ મુસાફરો સવાર હોવાનું જણાવાયું છે. અકસ્માતમાં સાત લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિએ AIIMSમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. કુલ ૧૮ લોકો ઘાયલ થયા છે અને તેમની સારવાર ચાલી રહી છે.

અકસાન બાદ SDRFની ટીમો ઉપરાંત પોલીસ અને અન્ય બચાવ દળોને પણ તૈનાત કરવામાં આવ્યા હતા.

વધારાની ટીમો ઘટનાસ્થળે મોકલીને રેસ્ક્યુ ઓપરેશનને વધુ ઝડપી બનાવવામાં આવ્યું છે. બંને અકસ્માતોના ચોક્કસ કારણોની તપાસ કરવામાં આવી રહી છે. સતત બે દિવસમાં બનેલી આ બે મોટી દુર્ઘટનાઓએ ઉત્તરાખંડના પહાડી માર્ગો પર મુસાફરીની સલામતી અંગે ફરી ગંભીર સવાલો ઉભા કર્યા છે.

# બેફામ હાઇવે ડમ્પરે બાઈક સવાર યુવકને કચડ્યો

ભરૂચ,તા.૧૭

ભરૂચ શહેરમાં રોડની કામગીરીને કારણે બનાવવામાં આવેલા ડાયવર્ઝન પર ગંભીર માર્ગઅકસ્માતની ઘટના સામે આવી છે. નર્મદા ચોકડીથી એબીસી ચોકડી તરફ જતા માર્ગ પર બેફામ ગતિએ દોડી રહેલા હાઇવા ડમ્પરે બાઈકસવાર યુવકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ડમ્પરનું તોતિંગ ટાયર યુવકના શરીરના નીચેના ભાગ પરથી ફરી વળ્યું હતું. આ દુર્ઘટનામાં ૩૫ વર્ષીય યુવકનું કરુણ મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.મળતી માહિતી મુજબ, ભરૂચના હલદરવા ઓસારા રોડ પર આવેલા મહર્ષિ વિલામાં રહેતા ૩૫ વર્ષીય ગિરીશ સુકા આહીર ૧૫ નવેમ્બરના રોજ બપોરે આશરે ૧૨ વાગ્યે પોતાની બાઈક લઈને નર્મદા ચોકડીથી એબીસી ચોકડી તરફ જઈ રહ્યા હતા.આ દરમિયાન સામેથી એબીસી ચોકડી તરફથી નર્મદા ચોકડી તરફ આવી રહેલા હાઇવા ડમ્પરના ચાલકે કથિત રીતે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારતાં બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માતમાં બાઈકસવાર ગિરીશ આહીર નીચે પટકાયા હતા. આ દરમિયાન ડમ્પરનું વિશાળ ટાયર તેમના પેટના નીચેના ભાગ પરથી ફરી વળતાં તેમને અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની ગંભીરતાને કારણે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.નર્મદા ચોકડી પાસે રોડની કામગીરી ચાલી રહી હોવાથી વાહનચાલકો માટે વન-વે માર્ગ અને ડાયવર્ઝનની વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે, આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર અને વાહનોની ગતિને લઈને સુરક્ષાના સવાલો ઊભા થયા છે.આ કરુણ અકસ્માતને પગલે ગિરીશ આહીરના પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. માર્ગની કામગીરી દરમિયાન વાહનચાલકોની સુરક્ષા માટે તંત્ર દ્વારા વધુ સાવચેતી રાખવામાં આવે તેવી માંગ પણ ઊઠી રહી છે.

### હોર્મુઝમાં ઓઇલ ટેન્કર પર વધુ એક હુમલો

# ઓમાન નજીક ઓઇલ ટેન્કર પર હુમલો, ૨૪ કલાકમાં ચોથી ઘટના

**જહાજ પર થયેલા હુમલા અંગે ઈરાની સેનાએ કહ્યું કે, આ જહાજ પ

### શિંદે-ઠાકરે ફરી એક થશે? સામે આવી મોટી શરત

# મહારાષ્ટ્રમાં ફરી નવા રાજકીય સમીકરણોના એંધાણ

**નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના તરફથી ઉદ્ધવ ઠાકરે જૂથને સાથે આવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે**

મહારાષ્ટ્ર,તા.૧૭

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા રાજકીય ફેરફારના એંધાણ જોવા મળી રહ્યા છે. NCPના બંને જૂથોના સંભવિત વિલયની ચર્ચા વચ્ચે હવે શિવસેનાના શિંદે અને ઉદ્ધવ ઠાકરે જૂથના એકીકરણની અટકળોએ પણ જોર પકડ્યું છે. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના તરફથી ઉદ્ધવ ઠાકરે જૂથને સાથે આવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રી પ્રતાપ જાધવે આ અંગે મહત્વનું નિવેદન આપતાં કહ્યું છે કે ઉદ્ધવ ઠાકરે જૂથ શિંદે જૂથ સાથે વિલય કરી શકે છે, પરંતુ તેના માટે બાળાસાહેબ ઠાકરેના આદર્શોને સ્વીકારવાની શરત રહેશે. જોકે, આ પ્રસ્તાવ અંગે ઉદ્ધવ ઠાકરે જૂથ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.પ્રતાપ જાધવે જણાવ્યું હતું કે અગાઉના કેટલાક નેતાઓ શિવસેનાની મૂળ નીતિઓથી દૂર થઈ ગયા હતા, જેના કારણે તેઓ એકનાથ શિંદે સાથે ગયા હતા. તેમના જણાવ્યા મુજબ, શિંદે બાળાસાહેબ ઠાકરેના આદર્શોનું પાલન કરી રહ્યા છે. તેમણે કહ્યું કે જો ઉદ્ધવ ઠાકરે જૂથના નેતાઓ પણ બાળાસાહેબ ઠાકરેના વિચારો અને આદર્શોને સ્વીકારતા હોય, તો તેમનું સ્વાગત છે. આ નિવેદન બાદ બંને જૂથોના સંભવિત એકીકરણ અંગે રાજકીય ચર્ચા વધુ તેજ બની છે.

શિવસેનાના નેતા ચંદ્રકાંત રઘુવંશીએ પણ બંને નેતાઓના ફરી સાથે આવવાની સંભાવનાને લઈને સકારાત્મક વાત કરી છે. તેમણે કહ્યું કે જો ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે ફરી એક થાય તો તે મહારાષ્ટ્ર માટે ખુશીની વાત હશે.

સાંસદ ઓમરાજ નિમ્બાલકરે પણ બંને શિવસેના જૂથો એક થાય તો તેનો લાભ સામાન્ય જનતાને થઈ શકે તેવી વાત કરી છે. જોકે, હાલ આ અંગે કોઈ ઔપચારિક રાજકીય પ્રક્રિયા શરૂ થઈ હોવાની પુષ્ટિ થઈ નથી. બીજી તરફ NCPના બંને જૂથોના સંભવિત વિલયને લઈને પણ મહારાષ્ટ્રમાં ચર્ચા ચાલી રહી છે. શિવસેના UBT ના નેતા સંજય રાઉતે આ પ્રકારની અટકળો અંગે શરદ પવાર પર નિશાન સાધ્યું છે. તેમણે દાવો કર્યો કે આવી અફવાઓથી શરદ પવારની રાજકીય છબીને નુકસાન થઈ શકે છે.NCPના બંને જૂથોના વિલય અંગે હજુ સુધી સ્પષ્ટ ચિત્ર સામે આવ્યું નથી. એક તરફ સુપ્રિયા સુલેએ આવા કોઈપણ પ્રસ્તાવને નકારી કાઢ્યો છે, તો બીજી તરફ છગન ભુજબળ અને NCPના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરે વિલયની તરફેણમાં નિવેદનો આપ્યા છે. શિવસેના અને NCP બંનેમાં જૂથબંધી બાદ હવે ફરી એકીકરણની ચર્ચા શરૂ થતાં મહારાષ્ટ્રના રાજકારણમાં નવા સમીકરણોની શક્યતાઓ અંગે અટકળો તેજ બની છે.

જોકે, બંને પક્ષોના નેતાઓના નિવેદનો વચ્ચે હજુ કોઈ સત્તાવાર નિર્ણય સામે આવ્યો નથી. તેથી શિંદે અને ઠાકરે જૂથ ખરેખર ફરી એક થશે કે નહીં, તે આગામી દિવસોમાં જ સ્પષ્ટ થશે.

### શેરબજારમાં તેજીનો માહોલ

# સેન્સેક્સ ૪૨૭ પોઇન્ટ ઉછળ્યો, નિફ્ટી ૨૫,૩૮૭ પર બંધ

**બેંકિંગ, ઓટો અને રિયલ્ટી શેરોમાં જોરદાર ખરીદારીથી બજારને ટેકો, IT અને કન્ઝ્યુમર શેરોમાં ઘટાડો; રોકાણકારોમાં ઉત્સાહ**

મુંબઈ,તા.૧૭

ભારતીય શેરબજારમાં સપ્તાહના બીજા ટ્રેડિંગ દિવસે મંગળવારે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. વૈશ્વિક બજારોમાંથી નબળા સંકેતો મળવા છતાં સ્થાનિક રોકાણકારોની ખરીદારીને કારણે સેન્સેક્સ અને નિફ્ટી બંને વધારા સાથે બંધ થયા હતા. ખાસ કરીને બેંકિંગ, ઓટો અને રિયલ્ટી સેક્ટરના શેરોમાં થયેલી ખરીદીએ બજારને મજબૂતી આપી હતી.

મંગળવારના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૪૨૭.૪૦ પોઈન્ટ એટલે કે ૦.૫૨ ટકાના વધારા સાથે ૮૨,૫૩૨.૧૯ના સ્તરે બંધ થયો હતો. જ્યારે NSE નિફ્ટી ૫૦માં ૯૬.૩૦ પોઈન્ટ એટલે કે ૦.૩૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો અને ઈન્ડેક્સ ૨૫,૩૮૭.૪૦ના સ્તરે બંધ રહ્યો હતો.આજના કારોબારમાં બેંકિંગ, ઓટોમોબાઈલ અને રિયલ્ટી સેક્ટરના શેરોમાં રોકાણકારોએ ઉત્સાહપૂર્વક ખરીદારી કરી હતી. અદાણી એન્ટરપ્રાઈઝિસ, આઈશર મોટર્સ અને એક્સિસ બેંક જેવા શેરોમાં સારી તેજી જોવા મળી હતી. બેંકિંગ શેરોમાં વધેલી ખરીદીએ બજારને ઉપર લઈ જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.જોકે, બીજી તરફ IT અને કેટલાક કન્ઝ્યુમર સેક્ટરના શેરોમાં ઘટાડો નોંધાયો હતો. આ ક્ષેત્રોમાં વેચવાલી જોવા મળતાં બજારની તેજી થોડી મર્યાદિત રહી હતી. આંતરરાષ્ટ્રીય બજારોમાં નબળાઈ હોવા છતાં ભારતીય શેરબજારે સકારાત્મક પ્રદર્શન કર્યું હતું. ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો, વિદેશી રોકાણકારોની ખરીદારી અને કંપનીઓનાં સારા નાણાકીય પરિણામો બજારને ટેકો આપતાં પરિબળો રહ્યાં હતાં.

મંગળવારના કારોબારમાં બંને મુખ્ય ઈન્ડેક્સ વધારા સાથે બંધ થતાં શેરબજારમાં રોકાણકારોનો ઉત્સાહ જોવા મળ્યો હતો. હવે આગામી ટ્રેડિંગ સેશનમાં વૈશ્વિક બજારોની સ્થિતિ, ક્રૂડ ઓઈલના ભાવ, વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિ અને કંપનીઓનાં પરિણામો બજારની દિશા નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

### ત્રણેય ચૂંટણી કમિશનરોની સંમતિ અંગે પણ સવાલ

# રાહુલ ગાંધીના ૪૮ સવાલો પર સુપ્રીમ કોર્ટનો ચૂંટણી પંચને જવાબ રજૂ કરવા આદેશ

**આ અંગે ચૂંટણી પંચના નિર્ણય અને તેની પાછળની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે**

નવી દિલ્હી,તા.૧૭

ચૂંટણી પંચની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા (SIR) અને મતદાર યાદીમાં થયેલા ફેરફારોને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત ઈન્ડિયા બ્લોકના નેતાઓએ ચૂંટણી પંચને ૪૮ લેખિત સવાલો પૂછવાની મંજૂરી માગી છે. આ અરજી પર સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને પોતાનો જવાબ અને વાંધા રજૂ કરવા જણાવ્યું છે. હવે આ મામલે આગામી સુનાવણી ૯ ડિસેમ્બરે થશે. રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓએ અરજીમાં ચૂંટણી પંચને ૪૮ પ્રશ્નોના જવાબ સોગંદનામા મારફતે આપવા દેવાની માગણી કરી છે. આ પ્રશ્નો મુખ્યત્વે દેશવ્યાપી SIR પ્રક્રિયા શરૂ કરવાનો નિર્ણય કેવી રીતે લેવામાં આવ્યો, તેની પ્રક્રિયા શું હતી અને ચૂંટણી પંચના ત્રણેય સભ્યોની તેમાં સંમતિ હતી કે નહીં તે અંગે છે.

અરજદારોનો દાવો છે કે SIR દરમિયાન મતદાર યાદીમાં મોટા પાયે નામો દૂર કરવામાં આવ્યા હોવાના સવાલો ઊભા થયા છે. આ અંગે ચૂંટણી પંચના નિર્ણય અને તેની પાછળની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે. અરજીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ તથા વિવેક જોશીએ SIR સંબંધિત નિર્ણયો સર્વસંમતિથી લીધા હતા કે નહીં તે અંગે પણ માહિતી માગવામાં આવી છે.

ચૂંટણી પંચ તરફથી નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, અરજદારો આ દાવાને સમર્થન આપતા દસ્તાવેજો, ફાઈલ નંબર અને સંબંધિત બેઠકોની વિગતો પણ જાણવા માગે છે. વિપક્ષના ૪૮ પ્રશ્નોમાં SIR દરમિયાન મતદાર યાદીમાંથી નામ દૂર કરવાની પ્રક્રિયા અંગે પણ પ્રશ્નો સામેલ છે. ઓનલાઈન ફોર્મ-૬માં કરવામાં આવેલા ફેરફારો, મતદાર ડેટાબેઝની પ્રક્રિયા અને મોટા પાયે નામો દૂર કરવાની કાર્યવાહી અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે.

આ ઉપરાંત મતદાર યાદીના ડેટાબેઝ સુધી ખાનગી કોન્ટ્રાક્ટરોને કોઈ પ્રકારની ઍક્સેસ આપવામાં આવી હતી કે નહીં અને મતદારોના નામ દૂર કરવાનો નિર્ણય કયા સ્તરે અને કોના આદેશથી લેવામાં આવ્યો હતો તે અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે ચૂંટણી પંચને અરજી સામે પોતાનો જવાબ અને વાંધા રજૂ કરવા જણાવ્યું છે. ચૂંટણી પંચ તરફથી વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ ગંભીર વાંધા રજૂ કર્યા હતા, જ્યારે રાહુલ ગાંધી તરફથી કપિલ સિબ્બલ હાજર રહ્યા હતા. કોર્ટના આદેશ બાદ હવે ચૂંટણી પંચ પોતાનો પક્ષ રજૂ કરશે અને ત્યારબાદ કોર્ટ નક્કી કરશે કે વિપક્ષી નેતાઓને આ ૪૮ સવાલો ચૂંટણી પંચ સમક્ષ સત્તાવાર રીતે મૂકવાની મંજૂરી આપવી કે નહીં.સુપ્રીમ કોર્ટે હાલ ચૂંટણી પંચને રાહુલ ગાંધીના ૪૮ સવાલોના સીધા જવાબ આપવાનો અંતિમ આદેશ આપ્યો નથી. પ્રથમ તબક્કે ચૂંટણી પંચને અરજી અંગે પોતાનો જવાબ અને વાંધો રજૂ કરવાની તક આપવામાં આવી છે.

હવે ૯ ડિસેમ્બરે થનારી સુનાવણીમાં કોર્ટ આ ૪૮ સવાલો પૂછવાની મંજૂરી અંગે નિર્ણય લઈ શકે છે. SIR પ્રક્રિયા, મતદાર યાદીમાં થયેલા ફેરફારો અને ચૂંટણી પંચની નિર્ણય પ્રક્રિયાને લઈને ચાલી રહેલી કાનૂની ચર્ચામાં આ સુનાવણી મહત્વપૂર્ણ બની શકે છે.

### શિયાળુ વાવેતર વચ્ચે ખેડૂતોની મોટી માંગ

# ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ખેડૂતો મુશ્કેલીમાં

**અમદાવાદ સહિતના જિલ્લાઓના ખેડૂતોની મુશ્કેલી દૂર કરવા કિસાન સંઘની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત**

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં રવિ એટલે કે શિયાળુ વાવેતરની સિઝન પૂરજોશમાં ચાલી રહી છે, ત્યારે ખેડૂતો માટે સિંચાઈની સમસ્યા સામે આવી છે. ખેતરોમાં સમયસર પાણી પહોંચાડવા પૂરતા પ્રમાણમાં વીજળી મળતી ન હોવાની ફરિયાદો વચ્ચે હવે કિસાન સંઘ મેદાનમાં આવ્યું છે. ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને કિસાન સંઘે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરી સિંચાઈ માટે દરરોજ ૧૦ કલાક વીજળી પૂરી પાડવાની માંગ કરી છે.

કિસાન સંઘની રજૂઆત મુજબ મહેસાણા, પાટણ અને અમદાવાદ સહિતના અનેક જિલ્લાઓમાં ખેડૂતોને સિંચાઈ માટે પૂરતો વીજ પુરવઠો મળતો નથી. શિયાળુ સિઝનમાં ઘઉં, જીરું, રાયડો અને વિવિધ શાકભાજીના પાક માટે નિયમિત પિયત જરૂરી હોય છે. આવા સમયે વીજળીની અછતને કારણે ખેડૂતો સમયસર ખેતરોમાં પાણી પહોંચાડી શકતા નથી. ખાસ કરીને ભૂગર્ભ જળ પર આધારિત ખેતી કરતા ખેડૂતો માટે વીજળી અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

વીજ પુરવઠો પૂરતો ન મળે તો પાકના વિકાસ પર અસર થવાની અને ઉત્પાદન ઘટવાની ભીતિ ખેડૂતોમાં જોવા મળી રહી છે. ખેડૂતોની સમસ્યાને ધ્યાનમાં રાખીને કિસાન સંઘે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ દૈનિક ૧૦ કલાક વીજળી આપવાની માંગ મૂકી છે. શિયાળુ વાવેતરની મહત્ત્વપૂર્ણ સિઝનમાં ખેડૂતોને પૂરતો વીજ પુરવઠો મળે તો સિંચાઈનું આયોજન સરળ બની શકે અને પાકને સમયસર પાણી મળી શકે તેવી રજૂઆત કરવામાં આવી છે.ખેડૂતોના જણાવ્યા મુજબ શિયાળાના આ દિવસોમાં સમયસર પિયત ન મળે તો ઘઉં, જીરું અને અન્ય પાકને નુકસાન થવાની શક્યતા રહે છે. તેના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન પણ વેઠવું પડી શકે છે.

હવે કિસાન સંઘની રજૂઆત બાદ રાજ્ય સરકાર અને ઊર્જા વિભાગ દ્વારા શું નિર્ણય લેવામાં આવે છે તેના પર ખેડૂતોની નજર છે. સરકાર દ્વારા દૈનિક ૧૦ કલાક વીજળીની માંગ સ્વીકારવામાં આવે છે કે નહીં તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે. હાલ ખેડૂતોને આશા છે કે તેમની સિંચાઈની સમસ્યાનો વહેલી તકે ઉકેલ આવશે.

### દિલ્હીમાં પ્રદૂષણથી મોટી રાહત

# GRAP-3ના પ્રતિબંધો હટાવાયા, વાહનચાલકોને મળશે છૂટ

**BS-III પેટ્રોલ અને BS-IV ડીઝલ વાહનો પરનાં નિયંત્રણો દૂર; બાંધકામ અને શાળાઓને પણ રાહત**

નવી દિલ્હી,તા.૧૭

દેશની રાજધાની દિલ્હી અને NCR વિસ્તારમાં હવાની ગુણવત્તામાં સુધારો થતાં લોકોને પ્રદૂષણમાંથી મોટી રાહત મળી છે. એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશન (CAQM)ની GRAP સબ-કમિટીએ GRAP-૩ હેઠળ લાગુ કરવામાં આવેલા પ્રતિબંધો હટાવવાનો નિર્ણય લીધો છે. મંગળવાર, ૧૭ નવેમ્બરના રોજ દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૨૦૪ નોંધાયો હતો. હવાની ગુણવત્તામાં સતત સુધારો જોવા મળતાં તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, GRAP-૧ અને GRAP-૨ હેઠળના નિયંત્રણો હજુ પણ યથાવત્ રહેશે.

GRAP-૩ લાગુ થયા બાદ દિલ્હી-NCRમાં જૂનાં પેટ્રોલ અને ડીઝલ વાહનોની અવરજવર પર કડક પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ખાસ કરીને BS-III અથવા તેનાથી જૂનાં પેટ્રોલ વાહનો અને BS-IV અથવા તેનાથી જૂનાં ડીઝલ વાહનોને રસ્તા પર ચલાવવા પર પ્રતિબંધ હતો.

આ પ્રતિબંધ દિલ્હી ઉપરાંત ગુરુગ્રામ, ફરીદાબાદ, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરમાં પણ લાગુ કરવામાં આવ્યો હતો. હવે GRAP-૩ હટાવી લેવામાં આવતાં આ તબક્કા હેઠળના વાહન પ્રતિબંધોમાંથી રાહત મળશે. જોકે, અન્ય લાગુ ટ્રાફિક અને પ્રદૂષણ નિયંત્રણના નિયમોનું પાલન કરવું પડશે.

પ્રદૂષણ વધતાં GRAP-૩ હેઠળ બાંધકામ અને ધૂળ ફેલાવતી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સ્ટોન ક્રશર અને ખનન પ્રવૃત્તિઓને પણ નિયંત્રણ હેઠળ લેવામાં આવી હતી. હવે GRAP-૩ની પાબંદીઓ હટતાં સંબંધિત બાંધકામ પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવાનો માર્ગ ખુલશે. જોકે, GRAP-૧ અને GRAP-૨ના નિયમો મુજબ ધૂળ અને પ્રદૂષણ નિયંત્રણનાં પગલાં લેવાનાં રહેશે.

GRAP-૩ દરમિયાન ધોરણ ૫ સુધીની શાળાઓમાં હાઇબ્રિડ શિક્ષણ પદ્ધતિ લાગુ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને શાળાએ જઈને અથવા ઓનલાઈન અભ્યાસ કરવાની સુવિધા આપવામાં આવી હતી.

આ ઉપરાંત સરકારી કચેરીઓમાં ૫૦ ટકા કર્મચારીઓને ઘરેથી કામ કરાવવા અંગે પણ સૂચનાઓ આપવામાં આવી હતી. હવે GRAP-૩ હટાવાતાં આ તબક્કા હેઠળ લાગુ કરાયેલા નિયંત્રણોમાંથી રાહત મળશે.

દિલ્હી-NCRમાં પ્રદૂષણનું સ્તર ઘટ્યું હોવા છતાં સંપૂર્ણ રાહત આપવામાં આવી નથી. CAQM દ્વારા GRAP-૧ અને GRAP-૨ હેઠળના નિયમો ચાલુ રાખવામાં આવ્યા છે. એટલે કે બાંધકામ સ્થળોએ ધૂળ નિયંત્રણ, રસ્તાઓની સફાઈ અને પ્રદૂષણ ઘટાડવા માટેના જરૂરી પગલાં ચાલુ રાખવા પડશે.

હાલમાં AQI ૨૦૪ નોંધાતાં દિલ્હીવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, હવાની ગુણવત્તા ફરી ન બગડે તે માટે તંત્ર અને નાગરિકોએ સાવચેતી રાખવી જરૂરી છે. આગામી દિવસોમાં હવામાન અને પ્રદૂષણના સ્તર પર તંત્રની નજર રહેશે.

### શહેરી બેરોજગારી ૬.૯ ટકાથી ઘટીને ૬.૭ ટકા

# ભારતમાં બેરોજગારીમાં ઘટાડો, ઓક્ટોબરમાં દર ઘટીને ૪.૯ ટકા

**શહેરી અને મહિલા બેરોજગારીમાં ઘટાડો; LFPR અને WPRમાં પણ સુધારો, ગ્રામીણ રોજગારી ક્ષેત્રે સકારાત્મક સંકેત**

નવી દિલ્હી,તા.૧૭

ભારતમાં રોજગારી ક્ષેત્રે ઓક્ટોબર દરમિયાન સકારાત્મક સુધારો નોંધાયો છે. સપ્ટેમ્બરમાં ૫ ટકા રહેલો દેશનો બેરોજગારી દર ઓક્ટોબરમાં ઘટીને ૪.૯ ટકા થયો છે. આ દરમિયાન ખાસ કરીને શહેરી વિસ્તારો અને મહિલાઓની રોજગારીની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે. શ્રમ બજારમાં ભાગીદારી વધવાની સાથે કામ કરતા લોકોના પ્રમાણમાં પણ વધારો નોંધાયો છે.

ઓક્ટોબરમાં શહેરી બેરોજગારી દર સપ્ટેમ્બરના ૬.૯ ટકાથી ઘટીને ૬.૭ ટકા થયો હતો. બીજી તરફ ગ્રામીણ બેરોજગારી ૪.૨ ટકાના સ્તરે સ્થિર રહી હતી. આ આંકડા દર્શાવે છે કે ઓક્ટોબર દરમિયાન શહેરી રોજગાર બજારમાં થોડો સુધારો થયો છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની સ્થિતિ અગાઉના મહિના જેટલી જ રહી છે. મહિલાઓની શ્રમ બજારમાં ભાગીદારીમાં પણ વધારો નોંધાયો છે. કુલ મહિલા લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ સપ્ટેમ્બરના ૩૪.૬ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૩૫ ટકા થયો હતો. એક વર્ષ અગાઉ સમાન સમયગાળામાં આ દર ૩૪.૨ ટકા હતો.

દેશનો કુલ લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ એટલે કે LFPR સપ્ટેમ્બરના ૫૫.૫ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૫૫.૭ ટકા થયો હતો. જ્યારે વર્કર પોપ્યુલેશન રેશિયો એટલે કે WPR ૫૨.૭ ટકાથી વધીને ૫૩ ટકા થયો હતો. આ બંને આંકડા રોજગાર બજારમાં ભાગીદારી અને કામ કરતા લોકોના પ્રમાણમાં સુધારો દર્શાવે છે.

મહિલા બેરોજગારી દર સપ્ટેમ્બરના ૫.૨ ટકાથી ઘટીને ઓક્ટોબરમાં ૫ ટકા થયો હતો. શહેરી મહિલા બેરોજગારીમાં વધુ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો અને તે ૯.૨ ટકાથી ઘટીને ૮.૭ ટકા થઈ હતી. ગ્રામીણ વિસ્તારોમાં પણ મહિલા બેરોજગારી ૩.૯ ટકાથી ઘટીને ૩.૮ ટકા થઈ હતી. બીજી તરફ પુરુષ બેરોજગારી દર ૪.૯ ટકા પર સ્થિર રહ્યો હતો.

આ આંકડા માટે ૩.૭૦ લાખથી વધુ લોકોનો સર્વે કરવામાં આવ્યો હતો. તેમાં ૨.૧૧ લાખથી વધુ પ્રતિસાદીઓ ગ્રામીણ વિસ્તારોમાંથી અને ૧.૫૯ લાખથી વધુ શહેરી વિસ્તારોમાંથી હતા. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળની નેશનલ સ્ટેટિસ્ટિકલ સિસ્ટમ દ્વારા કરવામાં આવતા આ પ્રકારના સર્વેને દેશમાં રોજગારી અને બેરોજગારીની સ્થિતિ માપવા માટે મહત્વપૂર્ણ આધાર માનવામાં આવે છે.

### રાજ્યમાં ૧૮.૮૪ લાખ નવા મતદારો ઉમેરાયા

# ઉત્તર પ્રદેશમાં ૧.૨૭ કરોડ હિન્દુ મતો કપાયાના દાવા પર ચૂંટણી પંચનો જવાબ

**ચૂંટણી પંચની મતદાર યાદીમાં મતદારોના ધર્મની કોઈ માહિતી જ નોંધવામાં આવતી નથી**

લખનૌ,તા.૧૭

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં ડ્રાફ્ટ મતદાર યાદીને લઈને રાજકીય ચર્ચા તેજ બની છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અગાઉ દાવો કર્યો હતો કે ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ૧ કરોડ ૨૭ લાખ હિન્દુ મતદારોના નામ કપાઈ ગયા છે. હવે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિણવાએ આ દાવા અંગે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે ચૂંટણી પંચની મતદાર યાદીમાં મતદારોના ધર્મની કોઈ માહિતી જ નોંધવામાં આવતી નથી.

CEO નવદીપ રિણવાએ જણાવ્યું કે મતદાર યાદીમાં મતદારનું નામ, સંબંધ, ઉંમર સહિતની જરૂરી વિગતો હોય છે, પરંતુ તેમાં ધર્મનો કોઈ ઉલ્લેખ કરવામાં આવતો નથી. તેથી ધર્મના આધારે કેટલા મતદારોના નામ કાપવામાં આવ્યા છે તે અંગેનો કોઈ સત્તાવાર ડેટા ચૂંટણી પંચ પાસે ઉપલબ્ધ નથી. તેમણે વધુમાં જણાવ્યું કે સોશિયલ મીડિયા પર PDF ફાઇલને અલગ-અલગ રીતે કન્વર્ટ કરીને અથવા વિવિધ એપ અને સોફ્ટવેરની મદદથી ડેટાનું વિશ્લેષણ કરીને કેટલાક દાવા કરવામાં આવી રહ્યા છે. જોકે, આવા વિશ્લેષણ ચૂંટણી પંચના સત્તાવાર ધર્મ આધારિત ડેટા પર આધારિત નથી.ચૂંટણી પંચના આંકડા મુજબ ૧૦ એપ્રિલે જાહેર કરાયેલી મતદાર યાદીમાં ઉત્તર પ્રદેશમાં કુલ ૧૩,૩૯,૮૪,૭૯૨ મતદારો હતા. ૧૭ નવેમ્બરે જાહેર થયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં આ સંખ્યા વધીને ૧૩,૫૮,૬૮,૯૦૫ થઈ છે. એટલે કે નવી યાદીમાં કુલ ૧૮,૮૪,૧૧૩ મતદારોનો વધારો થયો છે.

SSR-૨૦૨૬ હેઠળ ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થયા બાદ હવે નાગરિકોને ૧૭ નવેમ્બરથી ૧૬ ડિસેમ્બર સુધી દાવા અને વાંધા રજૂ કરવાની તક આપવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ફોર્મ ૬ દ્વારા નવા મતદારોના નામ ઉમેરવા, ફોર્મ ૭ દ્વારા નામ કમી કરવા અને ફોર્મ ૮ દ્વારા મતદારની વિગતોમાં સુધારો કરાવી શકાશે. આ ઉપરાંત ૨૧, ૨૨, ૨૮ અને ૨૯ નવેમ્બરના રોજ રાજ્યના તમામ મતદાન મથકો પર વિશેષ અભિયાન દિવસ યોજાશે. ખાસ કરીને યુવાનો અને મહિલાઓને મતદાર યાદીમાં સામેલ કરવા માટે આ અભિયાન દરમિયાન વધુ ધ્યાન આપવામાં આવશે. CEOએ જણાવ્યું કે રાજ્ય ની અંદાજિત વસ્તીની સરખામણીમાં મતદારોની સંખ્યામાં હજુ અંદાજે ૨ કરોડની ઘટ જોવા મળે છે. તેમાં ખાસ કરીને મહિલા મતદારોની સંખ્યા ઓછી હોવાનું ધ્યાનમાં આવ્યું છે. તેથી પાત્રતા ધરાવતી વધુમાં વધુ મહિલાઓના નામ મતદાર યાદીમાં નોંધાય તે માટે ચૂંટણી પંચ દ્વારા વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં ચૂંટણી નજીક આવતાં મતદાર યાદીમાં નામ કાપવા અને નવા નામ ઉમેરવાના મુદ્દે રાજકીય ચર્ચા વધુ ઉગ્ર બની શકે છે.

જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે તેની સત્તાવાર મતદાર યાદીમાં ધર્મ આધારિત કોઈ ડેટા રાખવામાં આવતો નથી. હવે ૧૬ ડિસેમ્બર સુધી ચાલનારી દાવા-વાંધાની પ્રક્રિયા દરમિયાન મતદાર યાદીમાં થયેલા સુધારા અને ઉમેરાઓ પર નજર રહેશે.

### ધોનીની નિવૃત્તિના અહેવાલથી ચાહકોમાં નિરાશા

# લખનઉ-રાજસ્થાન વચ્ચે ત્રણ ખેલાડીઓની અદલાબદલીની ચર્ચા

**બંને ટીમો વચ્ચે ત્રણ ખેલાડીઓની અદલાબદલીની પણ ચર્ચા છે. જોકે, અન્ય બે ખેલાડીઓ અંગેની વિગતો સ્પષ્ટ થવાની બાકી છે**

નવી દિલ્હી,તા.૧૭

IPL ૨૦૨૭ શરૂ થાય તે પહેલાં જ ભારતીય ક્રિકેટ જગતમાં મોટા ફેરફારોને લઈને ચર્ચાઓ તેજ બની છે. આગામી સિઝન માટે તમામ ફ્રેન્ચાઇઝીઓએ પોતાના રિટેન અને રિલીઝ કરાયેલા ખેલાડીઓની યાદી જાહેર કરવાની છે. ૧૭ નવેમ્બર આ માટેની અંતિમ સમયમર્યાદા હોવાથી ક્રિકેટપ્રેમીઓની નજર તમામ ટીમોના નિર્ણય પર ટકેલી છે. આ દરમિયાન મહેન્દ્ર સિંહ ધોનીની નિવૃત્તિ અને ખેલાડીઓના ટ્રેડના અહેવાલોએ ભારે ચર્ચા જગાવી છે.

ચેન્નાઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની IPLમાંથી નિવૃત્તિ જાહેર કરી હોવાના અહેવાલ સામે આવ્યા છે. હવે તેઓ ટીમ સાથે મેન્ટરની ભૂમિકામાં જોવા મળશે તેવી ચર્ચા છે. ધોનીએ પોતાની કેપ્ટનશિપમાં ચેન્નાઈને અનેક વખત ચેમ્પિયન બનાવી છે. તેમના IPL કરિયરના અંતના સમાચારથી ચાહકોમાં નિરાશા જોવા મળી રહી છે. જોકે, આ અંગે સત્તાવાર પુષ્ટિની વિગતો તપાસવી જરૂરી છે. IPL ૨૦૨૭ પહેલાં લખનઉ સુપર જાયન્ટ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે ખેલાડીઓના ટ્રેડને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. અહેવાલો અનુસાર, લખનઉએ અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમીને રાજસ્થાનની ટીમમાં ટ્રેડ કર્યો છે. આ ડીલમાં શમીની સેલેરીમાં બે કરોડ રૂપિયાનો ઘટાડો થયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. બંને ટીમો વચ્ચે ત્રણ ખેલાડીઓની અદલાબદલીની પણ ચર્ચા છે. જોકે, અન્ય બે ખેલાડીઓ અંગેની વિગતો સ્પષ્ટ થવાની બાકી છે.

બીજી તરફ, ગુજરાતની ટીમને લઈને પણ મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. સનરાઇઝર્સ હૈદરાબાદ સાથે જોડાયેલા એક ઝડપી બોલરની ગુજરાતની ટીમમાં એન્ટ્રી થવાની ચર્ચા છે. જો આ ટ્રેડને સત્તાવાર મંજૂરી મળશે તો ગુજરાતની બોલિંગ લાઇનઅપ વધુ મજબૂત બની શકે છે.

મુંબઈ ઇન્ડિયન્સ આગામી સિઝન પહેલાં ટ્રેન્ટ બોલ્ટ અને દીપક ચહર જેવા ખેલાડીઓને રિલીઝ કરી શકે છે તેવા અહેવાલો પણ સામે આવ્યા છે. હવે તમામ ફ્રેન્ચાઇઝીઓની સત્તાવાર રિટેન્શન યાદી જાહેર થયા બાદ જ IPL ૨૦૨૭ની ટીમોનું સાચું ચિત્ર સ્પષ્ટ થશે.

### અમેરિકી રાષ્ટ્રપતિએ કર્યા ભારતીય વડાપ્રધાનના વખાણ

# ક્વાડ સમિટમાં PM મોદી અને ટ્રમ્પે એક મંચ શેર કર્યો

**ટ્રમ્પે મોદીને ગણાવ્યા ખૂબ જ મજબૂત વ્યક્તિ અને મહાન ને

# બાબરાનાં જૂના તાપડીયા આશ્રમ ખાતે નવનિર્મિત હોલનું પૂજ્ય ઘનશ્યામદાસ બાપુનાં હસ્તે લોકાર્પણ






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેરમાં પૂજ્ય તાપડીયા બાપુ અને પૂજ્ય દયારામ બાપુની પવિત્ર તપોભૂમિ સમાન જૂના તાપડીયા આશ્રમ ખાતે સ્થાનિક દાતાઓના આર્થિક સહયોગથી નવનિર્મિત ભવ્ય હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જૂના તાપડીયા આશ્રમ સેવક મંડળ દ્વારા આયોજિત ધાર્મિક કાર્યક્રમમાં પૂજ્ય ઘનશ્યામદાસ બાપુનાં પાવન હસ્તે નવનિર્મિત હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશ્રમમાં બિરાજમાન શ્રી તાપડેશ્વર મહાદેવને ભાવપૂર્વક થાળ અર્પણ કરવામાં આવ્યો હતો. સેવક મંડળ દ્વારા પૂજ્ય ઘનશ્યામદાસ બાપુનું ઉષ્માભર્યું સ્વાગત કરી સન્માન તથા પૂજન–અર્ચન કરવામાં આવ્યું હતું. આશ્રમની પવિત્ર ભૂમિ પર યોજાયેલા આ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રાજકીય, સામાજિક અને વેપારી અગ્રણીઓ સહિત ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સ્થાનિક દાતાઓના સહયોગથી સાકાર થયેલા આ નવનિર્મિત હોલથી આશ્રમ ખાતે ભવિષ્યમાં ધાર્મિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે.

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાજુલાના સમૂહખેતી ગામે અનુસૂચિત જાતિ પરિવારનું આતિથ્ય માણ્યું

### આત્મીયતાથી સંવાદ કરી સાદું અને સાત્વિક ભોજન આરોગ્યું



અમરેલી, તા. ૧૭

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે રાજુલા તાલુકાના સમૂહ ખેતી ગામે ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત રાત્રિ સભા પૂર્વે ગામના અનુસૂચિત જાતિ પરિવારના જીવાભાઈ ધાખડાના ઘરે પધારી પરિવારનું ભોજન આતિથ્ય માણ્યું હતું.

રાજ્યપાલએ ધાખડા પરિવારના સભ્યો સાથે આત્મીયતાથી સંવાદ કર્યો હતો અને પરિવારજનોના ખબર–અંતર પૂછ્યા હતા. ત્યારબાદ પરિવાર સાથે બેસીને સાદું અને સાત્વિક ભોજન લીધું હતું. આ પ્રસંગે પરિવારની બહેનોએ આત્મીયતાથી તૈયાર કરેલું ભોજન રાજ્યપાલે ભાવપૂર્વક ગ્રહણ કર્યું હતું.

રાજ્યપાલના આ સહજ, સરળ અને આત્મીય વ્યવહારથી ધાખડા પરિવાર આનંદિત અને ભાવવિભોર બન્યો હતો. રાજ્યપાલે અનુસૂચિત જાતિ પરિવાર સાથે ભોજન કરીને સામાજિક સમરસતા, સમાનતા અને ભારતીય સંસ્કૃતિની 'વસુધૈવ કુટુંમ્બ'ની ભાવનાનું સુંદર ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. ધાખડા પરિવારે રાજ્યપાલ પોતાના આંગણે પધાર્યા અને પરિવાર સાથે ભોજન લીધું તે બદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સાવરકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશ ભાઈ કસવાલા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ કુમાર મૌર્ય, સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, એ.એસ.પી. જયવીર ગઢવી હાજર રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## સુરત અને અંબાજી રૂટની સ્ટેશનોમાં કલાકો સુધી રાહ જોઈ હતી.

બસ મોડી ઉપડવા બાબતે ડેપો મેનેજરે દોષનો ટોપલો એટીઆઈ પર ઢોળ્યો હતો. જો કે બસ મોડી ઉપડવા બાબતે જવાબદાર કર્મચારીનાં નિવેદન લેવાની પણ સુચના આપવામાં આવી છે પરંતુ નિવેદન લેવાથી જે મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડયો છે તેનું શું તેવો સવાલ મુસાફરો ઉઠાવી રહ્યા છે. હાલ દિવાળીનો ટ્રાફિક છે મુસાફરોથી બસ સ્ટેશન ખીચોખીચ ભરેલા છે ત્યારે જ બગસરા ડેપોની બેદરકારી સામે આવી છે. આ બાબતે વિભાગીય નિયામક ભાવેશ પટેલે જણાવ્યું હતું કે ડ્રાઈવર ન આવવાથી બસ મોડી ઉપડેલ હતી જેથી હવે ડ્રાઈવર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

પાના ૮ ઉપરનું ચાલું

## ફાટક શરૂ કરવા રજુઆત

ઓજારો, સરસામાનવિગેરેલઈનેતેમના ખેતરેદિવસ–રાત્રિ દરમ્યાન ગમેત્યારે જવુ પડે છે, તેમજ ખેતીકામ કરતા મોડુ થયુ હોય તો રાત્રિનાં સમયે પણ આ ફાટકેથી પસાર થવુ પડે છે. પરંતુ આ ૧૨–નંબરનું ફાટક બંધ હોવાનાં કારણે ખેડૂતોનેરાત્રિરોકાણતેમના ખેતરેજકરવુ પડે છે, અને રાત્રિનાં સમય દરમ્યાન હિંસક જનાવરોની અવર–જવર રહેવાનાં કારણે ખેડૂતોના જીવનું જોખમ ઉભુ થયુ છે.

તેમજ ખેડૂતો તથા તેમના માણસો, દાડીયા, મજુરી તથા માલઢોરની સલામતી જોખમાયેલ છે, જેથી આ ૧૨–નંબરનું ફાટક ૨૪ કલાક ખુલ્લુ રહે તે માટે એકથી અનેક વખત લેખીત– મૌખીક રજુઆતો કરવામાં આવેલ છે તેમ છતાં આજદીન સુધી અમારા આ પ્રશ્નનો ઉકેલ આવેલ નથી.

આ દેશ ખેતી પ્રધાન છે અને ખેડૂતોના પ્રશ્નોનો સાનુકુળ ઉકેલ આવે તે માટે ગુજરાતસરકાર અનેભારતસરકાર પણ સતત પ્રયત્નશીલ છે તો અમારી આ રજુઆતનેધ્યાનેલઈ વહેલામાંવહેલીતકે આ પ્રશ્નનો વ્યાજબી ઉકેલ લાવો જો આ વ્યાજબીપ્રશ્નનોઉકેલલાવવામાંનહીઆવે તો આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર કરવા ચીમકી આપી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૭ | ૧૮૨૧ |
| ૨ | મગફળી | ૧૦૬૫ | ૧૪૭૫ |
| ૩ | ઘઉં | ૫૩૦ | ૫૫૨ |
| ૪ | ચણા | ૧૪૦૫ | ૧૪૪૫ |
| ૫ | તલ કાળા | ૩૬૦૦ | ૩૬૦૦ |
| ૬ | અડદ | ૧૩૧૦ | ૧૭૭૦ |
| ૭ | સોયાબીન | ૧૩૯૫ | ૧૩૯૫ |
| ૮ | બાજરો | ૫૫૦ | ૫૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૦૦ | ૧૬૪૦ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૧ | ૩૩૦૦ |
| ૩ | તલ કાળા | ૨૦૦૦ | ૩૩૦૦ |
| ૪ | કપાસ | ૧૭૮૦ | ૧૮૭૦ |
| ૫ | બાજરો | ૪૮૦ | ૬૨૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૫૧ | ૭૧૨ |
| ૭ | જુવાર | ૮૦૦ | ૧૬૦૧ |
| ૮ | મકાઈ | ૬૯૧ | ૬૯૧ |
| ૯ | મગ | ૧૫૨૫ | ૧૭૦૦ |
| ૧૦ | અડદ | ૧૫૭૦ | ૧૮૯૧ |
| ૧૧ | ચણા | ૧૩૨૫ | ૧૫૨૨ |
| ૧૨ | સોયાબીન | ૧૪૧૨ | ૧૪૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૬૭૫ |
| ૩ | તલ સફેદ | ૩૧૫૦ | ૩૭૬૬ |
| ૪ | તલ કાળા | ૩૪૦૦ | ૩૬૭૨ |
| ૫ | જીરૂ | ૪૬૧૧ | ૫૪૫૧ |
| ૬ | કપાસ | ૧૮૦૦ | ૧૬૧૭ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૧ | ૬૩૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૬૪ |
| ૯ | બાજરો | ૪૧૧ | ૬૫૨ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૧૧૦૧ |
| ૧૧ | અડદ | ૧૨૫૦ | ૧૮૬૦ |
| ૧૨ | ચણા | ૧૨૨૦ | ૧૫૦૦ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૧૮૧૦ |
| ૧૪ | મેથી | ૧૦૦૦ | ૧૪૧૧ |
| ૧૫ | ધાણા | ૩૦૦૦ | ૩૩૫૧ |
| ૧૬ | સોયાબીન | ૧૩૦૦ | ૧૪૨૫ |

પાના ૮ ઉપરનું ચાલું

## ડો. જ્ઞાનવત્સલ સ્વામીની સત્સંગ સભા

તથા યુનીવર્સીટીઓ દ્વારા તેઓને સન્માનીત કરવામાં આવ્યા છે. ભગવાન સ્વામિનારાયણ, પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ તથા પ.પૂ. મહંતસ્વામી મહારાજનાં વિચારોને તેઓ પોતાની જ્ઞાનવાણી દ્વારા દેશ–વિદેશમાં પહોંચાડી રહ્યા છે. યુવાનો માટે તેઓ મોટીવેશનલ ગુરૂ છે તો વડીલો માટે તેમની વાણીમાંથી હુંફની સરવાણી વહે છે. તેઓની સરળ અને સચોટ શૈલી દ્વારા લાખો લોકોને જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની પ્રેરણા પ્રાપ્ત થયેલ છે. સોશ્યલ મીડીયાનાં માધ્યમથી અબાલ –વૃધ્ધ લાખો લોકો તેઓના ફોલોવર છે અને લાખો લોકોનાં દિશાદર્શક અને પથદર્શક તેઓ બન્યા છે.

આજે વર્તમાન સમયમાં પરિવારોમાં વધતા તણાવ અને અંતર વચ્ચે તેઓના અમૂલ્ય માર્ગદર્શનથી હજારો પરિવારો તુટતા બચ્યા છે. તેવા જ એક વૈશ્વિક વિષય સાથે અમરેલીનાં આંગણે જાહેર સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર અમરેલીનાં કોઠારી સંત પુ. સાધુચરિતસ્વામીનાં માર્ગદર્શન નીચે હરિભકતો દ્વારા અમરેલી શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ઘરે ઘરે જઈને આમંત્રણ પાઠવી રહ્યા છે.

અમરેલીનાં આંગણે આવી રહેલા આવા અમૂલ્ય લાભનું આચમન કરવા માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અમરેલી દ્વારા અમરેલી શહેર તથા આસપાસના વિસ્તારનાં નગરજનોને પધારવા માટે હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું

## કોટડીપરા ખાતે ખેત તલાવડીનું

જીવવું એ પ્રકૃતિની ગોદમાં શાંત અને સંતોષમય જીવન જીવવાનું જ પરિણામ છે. તેમણે ઉમેર્યું હતું કે, આજના યુગમાં આવા વડીલો આપણા સૌના માટે જીવંત પ્રેરણાસ્ત્રોત છે.

પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને માર્ગદર્શન આપતા રાજ્યપાલએ આહ્વાન કર્યું હતું કે, માત્ર પોતાના પરિવાર પૂરતું જ નહીં, પરંતુ અન્ય લોકોને પણ ઝેરમુક્ત અનાજ મળી રહે તે માટે ખેડૂતોએ સંપૂર્ણ ખેતરને પ્રાકૃતિક ખેતી તરફ વાળવું જોઈએ. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, યુરિયા અને ડી.એ.પી. જેવા રાસાયણિક ખાતરોનો ઉપયોગ કર્યા વિના પણ સંપૂર્ણ ઉત્પાદન મેળવી શકાય છે. આ માટે આગામી દિવસોમાં વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની સંપૂર્ણ જાણકારી આપવામાં આવશે.

રાજ્યપાલે વધુમાં ઉમેર્યું હતું કે, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના ખેડૂતો અને નાગરિકો સુધી પહોંચાડવા સતત કાર્યરત છે.

રાજ્યપાલે સમૂહખેતી ગામ ખાતે રાત્રિ જનસંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગ્રામજનોને આમંત્રણ પણ પાઠવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજુલા– જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ કુમાર મૌર્ય, સુપરન્યુમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, એ.એસ.પી. ધારી જયવીર ગઢવી સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૪૦ | ૧૯૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૬૪૦ | ૧૮૧૦ |
| ૩ | મગફળી | ૧૪૨૧ | ૧૫૭૫ |
| ૪ | તલ સફેદ | ૩૧૪૦ | ૩૪૯૦ |
| ૫ | તલ કાળા | ૩૭૩૦ | ૪૦૧૧ |
| ૬ | જીરૂ | ૪૭૭૦ | ૫૫૦૫ |
| ૭ | ચણા | ૧૩૭૦ | ૧૪૬૬ |
| ૮ | ઘઉં | ૬૦૧ | ૬૫૧ |
| ૯ | અડદ | ૧૬૭૦ | ૧૮૧૦ |
| ૧૦ | સોયાબીન | ૧૪૨૧ | ૧૪૯૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૬૦ | ૧૯૨૭ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૯૫ | ૬૨૫ |
| ૩ | મગફળી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૪ | ચણા | ૧૨૦૦ | ૧૪૩૬ |
| ૫ | સોયાબીન | ૧૩૫૫ | ૧૪૫૧ |
| ૬ | તુવેર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૭ | લસણ | ૭૦૦ | ૧૨૧૦ |
| ૮ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૯ | ધાણા | ૩૦૦૦ | ૩૦૪૫ |
| ૧૦ | અડદ | ૧૧૩૫ | ૧૧૫૦ |
| ૧૧ | મકાઈ | ૬૦૦ | ૬૧૫ |
| ૧૨ | ચોળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૬૨૫ | ૧૭૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## બહુત હુઈ મહેંગાઈ કી માર

નાગરિકોને મોંઘવારીનો માર સહન કરવો પડી રહ્યો છે, ત્યારે સરકાર આ ભાવ વધારા પાછળનાં કારણો અંગે જવાબદારી સ્વીકારે અને જનતાને રાહત આપે તે જરૂરી છે.

મોંઘવારીની ગંભીરતા દર્શાવતા આંકડાઓ રજૂ કરતાં તેમણે જણાવ્યું હતું કે રિટેલ મોંઘવારીનો દર ઓકટોબર ૨૦૨૬માં ૩.૫૮ ટકા હતો, જે નવેમ્બરમાં વધીને ૪.૮૮ ટકા થયો છે અને છેલ્લા ૧૫ મહિનાનું ઉચ્ચતમ સ્તર છે. શહેરી વિસ્તારોમાં મોંઘવારીનો દર ૩.૮૧ ટકાથી વધીને ૪.૯૫ ટકા અને ગ્રામ્ય વિસ્તારોમાં ૩.૩૬ ટકાથી વધીને ૪.૭૯ ટકા થયો છે. ખાદ્યપદાર્થોની મોંઘવારી ૧.૯૦ ટકાથી વધીને ૪.૪૨ ટકા થઈ છે, જયારે શાકભાજીના ભાવમાં આશરે ૨૨ ટકાનો વધારો નોંધાયો છે. બીજી તરફ ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિદર ૩.૮ ટકાથી ઘટીને ૨.૨ ટકા થયો છે અને મેન્યુફેકચરિંગ ક્ષેત્રનો દર પણ ઘટયો છે. એક તરફ મોંઘવારી સતત વધી રહી છે અને બીજી તરફ ઔદ્યોગિક ઉત્પાદન ઘટી રહ્યું છે, જેના કારણે રોજગારીની તકો પર પ્રતિકૂળ અસર થઈ રહી છે. હોલસેલ મોંઘવારીનો દર પણ જાન્યુઆરીમાં ૧.૧૯ ટકા હતો, જે એપ્રિલમાં ૮.૩૬ ટકા, મેમાં ૯.૮૮ ટકા, સપ્ટેમ્બરમાં ૧૧.૩૯ ટકા અને ઓકટોબરમાં વધીને ૧૨.૨૯ ટકા થયો છે. આ આંકડાઓ દર્શાવે છે કે સરકારના શાસનમાં મોંઘવારી પર નિયંત્રણ રાખવામાં સંપૂર્ણ નિષ્ફળતા મળી છે. એક તરફ સામાન્ય નાગરિકની આવક ઘટે છે, નોકરીઓ છૂટે છે અને બીજી તરફ જીવનજરૂરી વસ્તુઓના ભાવ વધે છે. ઉદ્યોગપતિઓને કરવેરામાં રાહતો અને કરોડો રૂપિયાના દેવા માફીની સુવિધા આપતી સરકાર મધ્યમ વર્ગ અને સામાન્ય પરિવારોની મુશ્કેલીઓ પ્રત્યે સંવેદનહીન બની છે.

હવે પેટ્રોલ, ડીઝલ અને ગેસ ઉપરાંત સીએનજીના ભાવ પણ પ્રતિ કિલો રૂા. ૧૦૦ની સપાટીએ પહોંચવા તરફ છે. અદાણી અને ગુજરાત એનર્જી દ્વારા સીએનજીના ભાવમાં વધારાથી વાહનવ્યવહાર અને રોજિંદા જીવનના ખર્ચમાં પણ વધારો થયો છે. નરેન્દ્ર મોદીના કુશળ વહીવટ અને નેતૃત્વનાં વખાણ કરવામાં આવે છે, પરંતુ મોંઘવારીના સતત વધતા આંકડા દર્શાવે છે કે સામાન્ય જનતાને રાહત આપવામાં સરકાર નિષ્ફળ રહી છે. એક તરફ સરકાર ટેકસ દ્વારા જનતાના ખિસ્સામાંથી નાણાં વસૂલે છે અને બીજી તરફ ઉદ્યોગપતિઓને લાભ પહોંચાડે છે. આર્થિક નીતિઓના કારણે સામાન્ય પરિવારનું ઘરનું બજેટ ખોરવાઈ ગયું છે અને ગૃહિણીઓ માટે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે.

મોંઘવારીથી પીડાતા સામાન્ય નાગરિકો, મધ્યમ વર્ગ અને ગૃહિણીઓના આક્રોશને વાચા આપવા માટે કોંગ્રેસ પક્ષ આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં જનઆંદોલન કરશે. ગૃહિણીઓ અને સામાન્ય નાગરિકોને સાથે રાખીને રસ્તા પર ઉતરી મોંઘવારી સામે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવશે. ભાજપ સરકારના શાસનમાં મોંઘવારી વધારતા તત્વો અને મળતિયાઓના રેકેટને ખુલ્લું પાડવા તથા સામાન્ય જનતાને રાહત અપાવવા કોંગ્રેસ પક્ષ સંઘર્ષ કરશે. સરકારની નિષ્ફળતા સામે જનતાનો અવાજ બની કોંગ્રેસ પક્ષ મોંઘવારીના આ રાક્ષસને નાથવા માટે લડત આપશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, મીડીયા કોર્ડીનેટર અને પ્રવકતા હેમાંગ રાવલ, નાગજી દેસાઈ, પ્રદેશ ઉપપ્રમુખ પંકજ શાહ, વડોદરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ રૂત્વિક જોષી, વડોદરા મહાનગરપાલિકાના કોર્પોરેટર પુષ્પાબેન વાઘેલા, આશીષ જોશી, ડીબેટ પેનાલીસ્ટ મુકેશ પંચાલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## મોંઘવારીનું ટેબલ

| | ઓકટોબર–૨૦૨૬ | નવેમ્બર–૨૦૨૬ |
|---|---|---|
| રીટેલ મોંઘવારી | ૩.૫૮% | ૪.૮૮% |
| ઔદ્યોગિક ઉત્પાદન | ૩.૮% | ૨.૨% |
| શહેરી વિસ્તારમાં મોંઘવારી | ૩.૮૧% | ૪.૯% |
| ગ્રામીણ મોંઘવારી | ૩.૩૬% | ૪.૭૯% |
| ખાદ્ય મોંઘવારી | ૧.૯% | ૪.૪૨ |
| શાકભાજી | ૨૨.૪૮% વધારો | |
| મેન્યુફેકચરીંગ | ૩.૮% | ૨.૫% |

## ડબલ એન્જીનની સરકારમાં મોંઘવારીનો વિકાસ

| મહિનો | મોંઘવારીનો વિકાસ |
|---|---|
| જાન્યુઆરી | ૧.૧૯% |
| ફેબ્રુઆરી | ૨.૧૮% |
| માર્ચ | ૩.૯૭% |
| એપ્રિલ | ૮.૩૬% |
| મે | ૯.૮૮% |
| જૂન | ૯.૯૭% |
| જુલાઈ | ૯.૭૮% |
| ઓગષ્ટ | ૯.૯૨% |
| સપ્ટેમ્બર | ૧૧.૩૯% |
| ઓકટોબર | ૧૨.૨૯% |

## કઈ કેટેગરીમાં કેટલો વધારો

| કેટેગરી | સપ્ટેમ્બર | ઓકટોબર |
|---|---|---|
| પ્રાઈમરી આર્ટિકલ્સ | ૮.૬૭% | ૯.૨૪% |
| ફૂડ ઈન્ફલેશન | ૮.૬૬% | ૮.૫૮% |
| ફયુઅલ અને પાવર | ૨૫.૮૫% | ૩૨.૮૪% |
| મેન્યુફકચર્ડ પ્રોડકટસ | ૯.૭૬% | ૯.૫૪% |
| ફૂડ પેટ્રોલિયમ, નેચરલ ગેસ | ૫૭.૩૨% | ૭૦.૮% |
| મિનલર ઓઈલ | ૪૦.૦૨% | ૪૫.૫૭% |
| વીજ દર | –૦.૪૩% | ૮.૦૬% |
| બેઝિક મેટલ | ૧૬.૯૬% | ૧૭.૨૧% |
| કેમિકલ અને ઉત્પાદનો | ૧૬.૭૪% | ૧૭.૫૩% |

# રાજુલા : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સમૂહખેતી (ઘુડીયા આગરીયા) ગામની મુલાકાતે



રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રાજુલા તાલુકાનાં સમૂહખેતી (ઘુડીયા આગરીયા) અને કોટડીપરા ગામની મુલાકાતે પધાર્યા છે. રાજ્યપાલ સહિતના મહાનુભાવોએ સમૂહખેતી મુકામે ''એક પેડ માં કે નામ'' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પ્રસરાવ્યો હતો. આ તકે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સમુહખેતી મુકામે ગોવિંદસાગર તળાવનું વિધિવત ભૂમિપૂજન કર્યુ હતું અને જળ સંરક્ષણના ઉમદા કાર્યો માટે પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું. ઉલ્લેખનીય છે, કે રાજ્યપાલ સમુહખેતી ગામ ખાતે પધારતા તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. શાળાનાં એન.સી.સી કેડેટસ બાળકોએ માર્ચ પાસ્ટ કરીને તેમનું સ્વાગત કર્યુ હતું. રાજ્યપાલને ગ્રામજનોએ ઉમળકાભેર આવકાર્યા હતા. રાજ્યપાલએ પણ સૌનું અભિવાદન ઝીલ્યું હતું. રાજ્યપાલએ ''એક પેડ માં કે નામ ૩.૦'' વૃક્ષારોપણ કાર્યક્રમ બાદ ગ્રામજનોને સંબોધન કરતાં જણાવ્યું કે, આપણે વૃક્ષારોપણ થકી પર્યાવરણ જતનલક્ષી પ્રવૃત્તિઓને વધુમાં વધુ વેગવંતી બનાવવી અનિવાર્ય છે. આ ગામ દ્વારા વર્ષો પૂર્વે સમૂહખેતીનો સંકલ્પ લેવામાં આવ્યો હતો, જેના કારણે આજે ઘુડીયા આગરીયા ગામની ઓળખ સમૂહખેતી ગામ તરીકેની બની છે. આવું સુંદર નામ ભારતમાં એકમાત્ર ઘુડીયા આગરીયા ગામનું જ છે, જે આ ગામનું ગૌરવ છે. રાજ્યપાલએ વધુમાં ઉમેર્યું દરેક નાગરિકે જીવનમાં એક–એક વૃક્ષનું વાવેતર કરીને તેમનો સતત ત્રણ વર્ષ સુધી કાળજીપૂર્વક ઉછેર કરવો જોઈએ. રાજ્યપાલએ ઉપસ્થિત સૌ ગ્રામજનોને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરણા પૂરી પાડી હતી. આ તકે સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, સમૂહખેતી ગામનાસરપંચ, સ્થાનિક અગ્રણીઓ, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, જિલ્લા વિકાસ અધિકારી મોર્ય, એ.એસ.પી. જયવીર ગઢવી, રાજુલા પ્રાંત અધિકારી અક્ષર વ્યાસ સહિત સંબંધિત વિભાગનાં અધિકારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે

## બાબરાના ઈંગોરાળા ગામે ૧ કરોડનાં ખર્ચે સી.સી.રોડનાં વિકાસકાર્યનું ખાતમુહૂર્ત

### તાલુકામાં વિકાસકાર્યને વધુ એક લીલી ઝંડી



બાબરા, તા.૧૭

બાબરા તાલુકાના ઈંગોરાળા ગામે ગ્રામજનોની સુવિધામાં વધારો થાય અને ગામના આંતરિક માર્ગો વધુ મજબૂત બને તે દિશામાં વધુ એક મહત્વપૂર્ણ વિકાસકાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે અંદાજિત રૂા.૧ કરોડના ખર્ચે થનારા સી.સી.રોડના વિકાસકાર્યનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ઈંગોરાળા ગામમાં સી.સી.રોડનું કામ મંજૂર થતાં ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસો અને સતત વિકાસલક્ષી કામગીરીના પરિણામે અંદાજિત રૂા.૧ કરોડના ખર્ચે આ મહત્વપૂર્ણ રોડના વિકાસકાર્યને મંજૂરી મળતા આજે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓ માત્ર અવર જવરનું સાધન નથી, પરંતુ ગામના સર્વાંગી વિકાસની મહત્વપૂર્ણ કડી છે. ગામના રસ્તાઓ મજબૂત અને સુવિધાયુક્ત બને તો ગ્રામજનો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તથા વેપારીઓ સહિત સૌને તેનો સીધો લાભ મળે છે. આથી મતવિસ્તારના ગામોમાં જરૂરી રોડ – રસ્તાના કામોને પ્રાથમિકતા આપી તબક્કાવાર વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.ઈંગોરાળા ગામમાં થનારા આ સી.સી. રોડના કામથી ગામના રસ્તાઓ વધુ સુદ્દઢ બનશે તેમજ ચોમાસા સહિતની ઋતુઓમાં ગ્રામજનોને પડતી અવર જવરની મુશ્કેલીઓમાં ઘટાડો થશે. રોજિંદા જીવનમાં ગામના નાગરિકોને સરળ અને સલામત પરિવહનની સુવિધા મળી રહે તે માટે આ વિકાસકાર્ય ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

### આહીર એજ્યુકેશન સમિતિ દ્વારા

## રાજુલાનાં નિંગાળા–૧ ખાતે પાંચમો તેજસ્વી વિદ્યાર્થી અને વિશેષ સન્માન સમારોહ યોજાયો

### ૩૧૫ વિદ્યાર્થીઓ અને ૩૪૦ પ્રતિભાઓનું સન્માન કરાયું



કોવાયા, તા. ૧૭

રાજુલાનાં નિંગાળા–૧ ખાતે આહીર એજ્યુકેશન સમિતિનો પાંચમો તેજસ્વી વિદ્યાર્થી તથા વ્યકિત વિશેષ સન્માન સમારોહ ભવ્ય રીતે યોજાયો.

શિક્ષણ, સહકાર અને સંગઠનનાં મંત્ર સાથે સમાજનાં શૈક્ષણિક અને સામાજિક ઉત્કર્ષ માટે કાર્યરત આહીર એજ્યુકેશન સમિતિ–રાજુલા દ્વારા ગુરૂવાર, તા. ૧૨/૧૧/૨૦૨૬નાં રોજ નિંગાળા–૧ ગામે આવેલી આહીર સમાજવાડી ખાતે પાંચમો ''તેજસ્વી વિદ્યાર્થી તથા વ્યકિત વિશેષ સન્માન સમારોહ એવમ્ સ્નેહમિલન–૨૦૨૬'' અને ઉત્સાહભર્યો વાતાવરણમાં યોજાયો હતો.

મુરલીધર ભગવાનની અસીમ કૃપા અને સંતો–મહંતોનાં આશીર્વાદથી આયોજિત આ સમારોહમાં સમાજની શૈક્ષણિક, સામાજિક અને સરકારી સેવા ક્ષેત્રે સિધ્ધિ પ્રાપ્ત કરનાર પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે કુલ ૩૪૦ જેટલા પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૧૫ તેજસ્વી વિદ્યાર્થીઓ અને સરકારી નોકરી પ્રાપ્ત કરનાર ૨૮ કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ સન્માન સમારોહ દ્વારા સમાજની પ્રતિભાઓને પ્રોત્સાહન આપવાની સાથે અન્ય વિદ્યાર્થીઓ અને યુવાનોને પણ મહેનત, લગન અને શિક્ષણનાં માર્ગે આગળ વધવાની પ્રેરણા આપવામાં આવી હતી.

સમિતિ દ્વારા વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાં સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ધોરણ ૧૦ અને ૧૨માં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓ, એનએમએમએસ, એનટીએસઈ, ટીએસઈ. એસએસઈ, સીઈટી, સહિતની શિષ્યવૃતિ પરીક્ષાઓમાં સફળતા મેળવનાર વિદ્યાર્થીઓ તેમજ Gujcet, Jee, Neet, Re-NeeT જેવી પ્રવેશ પરીક્ષાઓમાં સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ડિપ્લોમા, ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન, Net, Gset અને Ph.D જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

ખાસ કરીને સરકારી નોકરીમાં પસંદગી પામેલા ૨૮ યુવાનોનું સન્માન કરી તેમન મહેનત અને સફળતાને બિરદાવવામાં આવી હતી. સમાજનાં યુવાનો શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ ધ્વારા વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી રહ્યા છે તે સમગ્ર સમાજ માટે ગૌરવની બાબત હોવાનું ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું.

આહીર એજ્યુકેશન સમિતિ ધ્વારા વર્ષ ૨૦૨૬થી સમાજમાં શિક્ષણનું સ્તર ઊંચુ લાવવા, તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને સમાજની પ્રતિભાઓને યોગ્ય મંચ પુરૂ પાડવાનાં હેતુથી સતત વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. સમિતિ ધ્વારા દર વર્ષે અલગ–અલગ ગ્રામ્ય વિસ્તારોમાં આ પ્રકારનાં સન્માન સમારોહનું આયોજન કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. જેથી ગામડે–ગામડે રહેલી પ્રતિભાઓને પણ પ્રોત્સાહન અને સન્માન મળી રહે.

આ પ્રસંગે સમાજનાં આગેવાનો, વડીલો, વાલીઓ, વિદ્યાર્થીઓ, યુવાનો અને મોટી સંખ્યામાં સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહ, આનંદ અને સામાજિક એકતાનાં માહોલ જોવા મળ્યો હતો. સમિતિ ધ્વારા કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર તમામ દાતાઓ, કાર્યકરો, વાલીઓ અને સમાજબંધુઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

''શિક્ષણ સમાજ–વિકસિત સમાજ''નાં ધ્યેય સાથે યોજાયેલ આ પાંચમો સન્માન સમારોહ માત્ર સન્માન પૂરતો સીમિત ન રહેતા સમાજની આવનારી પેઢીને શિક્ષણ, સંસ્કાર અને મહેનત અને સફળતાનાં માર્ગે આગળ વધવાની પ્રેરણા આપતો એક યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

આ સન્માન સમારોહમાં ભોજન, મંડપ, સાઉન્ડ અને વિદ્યાર્થીઓને વિશિષ્ટ ઈનામના દાતા તરીકે સાદુળભાઈ કુંભાભાઈ લાખણોત્રા અને કાળુભાઈ કુંભાભાઈ લાખણોત્રા, શિલ્ડનાં દાતા તરીકે સરપંચ હરસુરભાઈ ગાંડાભાઈ લાખણોત્રા, આમંત્રણ પત્રિકાનાં દાતા તરીકે જીકારભાઈ ગભરૂભાઈ લાખણોત્રા, વિદ્યાર્થીઓને પેનનાં દાતા તરીકે બધાભાઈ ટીડાભાઈ લાખણોત્રા, બેનર અને ફોટોગ્રાફીનાં દાતા તરીકે કે.જી. સ્ટુડીઓ રાજુલા તેમજ ઠંડા પાણીનાં દાતા તરીકે દુલાભાઈ લાખણોત્રા (મારૂતી વોટર સપ્લાયર્સ) ધ્વારા સહયોગ પ્રાપ્ત થયો હતો.

આનંદની વાત એ છે કે, આગામી ૨૦૨૭નાં સન્માન સમારોહનું પણ એડવાન્સ બૂકીંગ થઈ ગયું છે. આગામી ૨૦૨૭માં દિવાળી પછી કારતક સુદ ત્રીજનાં રોજ આ સન્માન સમારોહ હિંડોરાણા મુકામે આયોજીત થશે એમ આહીર એજ્યુકેશન સમિતિ ધ્વારા જણાવવામાં આવ્યું છે.

## ચીનનું યુદ્ધ વિમાન ભારતીય એરસ્પેસમાં ઘૂસ્યું, ૨૫ મિનિટ સુધી ફર્યું

નવી દિલ્હી, તા.૧૭

તાજેતરમાં જ ચીન સરહદે તૈનાત સૈન્ય આઈટીબીપીના વડાએ ચીનની ઘુસણખોરી મુદ્દે ચેતવણી આપી હતી, એવામાં હવે ચીન ભારતના વિસ્તારોમાં યુદ્ધ વિમાન ઘૂસાડી રહ્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. એક અહેવાલ મુજબ ચીનના સૈન્યનું એક એરક્રાફ્ટ કથીત રીતે સિક્કિમમાં ભારતીય એરસ્પેસમાં ઘૂસી આવ્યું હતું, એટલુ જ નહીં ૨૦થી ૨૫ મિનિટ સુધી આ એરક્રાફ્ટ ભારતીય એરસ્પેસમાં સિક્કિમ પર જ ફરતું રહ્યું હતું. આ વિસ્તારમાં ચિકન નેક આવેલ છે જે અત્યંત સંવેદનશિલ વિસ્તાર જાહેર કરાયેલ છે.મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીનનું વિમાન ભારતીય સરહદમાં ઘુસવાની આ ઘટના ૧૨મી તારીખની એટલે કે ગત સપ્તાહની છે. જે વિસ્તારમાં આ ચીનનું એરક્રાફ્ટ ઘૂસ્યું હતું તેને અતિ સંવેદનશીલ માનવામાં આવે છે, સિલિગુડી કોરિડોર એટલે કે ચિકન નેક તરીકે ઓળખાતા આ વિસ્તાર નજીક જ ચીનનું આ એરક્રાફ્ટ જોવા મળ્યું હતું. સુત્રોના જણાવ્યા મુજબ વહેલી સવારે આઠ વાગ્યા આસપાસ ઈન્ડિયન એરફોર્સે ચીનના આ વિમાનની ઘૂસણખોરીની નોંધ લીધી હતી. બાદમાં અનેક ચેતવણીઓ પણ જારી કરવામાં આવી હતી તેમ છતા યુદ્ધ વિમાન પરત નહોતું જઈ રહ્યું. આશરે ૨૫,૦૦૦ ફૂટની ઉંચાઈ પર આ ચીની વિમાન ડિટેક્ટ થયું હતું.જે વિસ્તારમાં આ ચીનનું વિમાન જોવા મળ્યું ત્યાં ચિકન નેક તરીકે ઓળખાતો વિસ્તાર આવેલો છે. આ વિસ્તાર ચીન, નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ નજીક આવેલો છે અને માત્ર ૨૦થી ૨૨ કિમી સુધીનો જ છે. સુરક્ષાને લઈને આ વિસ્તાર અત્યંત સંવેદનશિલ માનવામાં આવે છે કેમ કે આ વિસ્તાર જ ભારતને પૂર્વોત્તર બાજુના કેટલાક રાજ્યો સાથે જોડે છે. જે સિક્કિમમાં ચીનનું આ યુદ્ધ વિમાન જોવા મળ્યું તે દોકલામ નજીક આવેલ છે. ૨૦૧૭માં ચીન અને ભારતીય સૈન્ય બન્ને આ વિસ્તારમાં સામસામે આવી ગયા હતા. જોકે ચીનના યુદ્ધ વિમાનો ભારતની સરહદમાં ઘૂસવાની આ કોઈ પ્રથમ ઘટના નથી, જૂન ૨૦૨૨માં લદ્દાખમાં પણ ચીનનું એક યુદ્ધ વિમાન જોવા મળ્યું હતું. લદ્દાખ સરહદે જ્યારે બન્ને દેશોના સૈનિકો સામસામે આવી ગયા હતા ત્યારે પણ ચીનના સૈન્ય હેલિકોપ્ટર જોવા મળ્યા હતા. ઉત્તરાખંડના બારાહોતી વિસ્તારમાં ૨૦૧૭માં ચીનના બે ચોપર પ્રવેશ્યા હતા.

## રાજુલા તાલુકાનાં છતડીયા હેલીપેડ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરાયું



અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં સમૂહ ખેતી અને કોટડી પરા ખાતે આયોજિત ગ્રામ કલ્યાણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પધારેલા ગુજરાત રાજયનાં રાજયપાલ આચાર્ય દેવવ્રતનું રાજુલા તાલુકાનાં છતડીયા હેલીપેડ ખાતે જિલ્લા વહીવટી તંત્ર, અમરેલી દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજુલા– જાફરાબાદનાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા–લીલીયાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ કુમાર મેર્ય, સુપરન્યુમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ તથા એ.એસ.પી. ધારી જયવીર ગઢવી સહિતનાં મહાનુભાવોએ રાજ્યપાલનું પુષ્પગુચ્છ અર્પણ કરી ભાવભીનું સ્વાગત કર્યું હતું.

## વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં ટેકનોલોજીનાં યુગમાં રોજબરોજનાં કાર્યો ટલ્લે ચડયા

# વહીવટીતંત્રમાં ચાલતા ભ્રષ્ટાચાર અને ગોકળ ગાયની ગતિથી થતી કામગીરીથી નારાજગી

**મહેસુલ, પંચાયત, આરટીઓ સહિતનાં જુદા–જુદા વિભાગોમાં નાગરિકોનાં સામાન્ય કામોનો નિકાલ થતો નથી**

**રેશનકાર્ડમાં ફેરફાર કરવો, ડ્રાઈવીંગ લાયસન્સ લેવું કે કોઈ સરકારી યોજનાનો લાભ મેળવવા ભારે સંઘર્ષ**

**આગામી દિવસોમાં પંચાયતથી લઈને વિધાનસભાની ચૂંટણી આવી રહી હોવાથી તંત્રએ કામગીરી કરવી જરૂરી**

**સામાન્ય નાગરિકે રોજબરોજનાં કાર્યો માટે જનપ્રતિનિધિઓની મદદ લેવા મજબુર બનવું પડે છે**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લાનાં વહીવટીતંત્રમાં ચાલતાં ભ્રષ્ટાચાર અને ગોકળ ગાયની ગતિથી સામાન્ય નાગરિકોનાં રોજબરોજનાં કાર્યોનો ઝડપથી નિકાલ થતો નહોય. નાગરિકોને જનપ્રતિનિધિઓની મદદ લેવી જરૂરી બની જાય છે.

અમરેલી જિલ્લાનાં મહેસુલ, પંચાયત, આરટીઓ સહિતનાં જુદા–જુદા સરકારી વિભાગોમાં રોજબરોજનાં કાર્યો કે સરકારની કોઈ કલ્યાણકારી યોજનાનો લાભ મેળવવા કે અન્ય કોઈ પ્રમાણપત્ર મેળવવા માટે વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ, વૃધ્ધો, શ્રમિકો કે ખેડૂતો સરકારી વિભાગોમાં આવન–જાવન કરતાં જોવા મળી રહ્યા છે.

આઝાદીનાં ૮૦ વર્ષ બાદ પણ છેવાડાનાં માનવી સરકારી કચેરીમાં ડરતો ડરતો પ્રવેશ કરતો હોય તેવું દ્રશ્ય જોવા મળી રહ્યું છે. સરકારી કચેરીમાં પ્રવેશ કરે એટલે આઉટસોર્સિંગમાં ફરજ બજાવતાં કર્મચારીનું વર્તન ક્યારેક સારૂ તો ક્યારેક વિચિત્ર અનુભવ અરજદારને થાય છે અને બાદમાં આ ટેબલેથી બીજા ટેબલે, સોમવાર, ગુરૂવારે આવો તેવા જવાબ મળે, ક્યારેક સાહેબ મિટિંગમાં છે તેવા જવાબો મળી રહ્યા છે અને સામાન્ય કામ માટે પણ નાગરિકોને જનપ્રતિનિધિઓ પાસે ધક્કા ખાવા મજબુર બનવું પડે છે.

આગામી મહિનાઓમાં પંચાયતથી લઈને વિધાનસભાની ચૂંટણી આવી રહી હોવાથી રાજય સરકારે જિલ્લાનાં વહીવટીતંત્રને નાગરિકોનાં રોજબરોજનાં કાર્યોનો ઝડપથી નિકાલ કરવા સુચના આપવી જોઈએ.

---

### કોઈ વિભાગની જવાબદારી નક્કી કરવી જોઈએ

## રાજુલા : કરોડોની આધુનિક હોસ્પિટલ, પણ મુખ્ય દરવાજાનું બોર્ડ જ ઝાડની ડાળીઓમાં ટંકાયું

**અજાણ્યા દર્દીઓને હોસ્પિટલ શોધવામાં મુશ્કેલી**

રાજુલા, તા.૧૭

રાજુલા શહેરમાં આરોગ્ય સેવા માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજજ સરકારી હોસ્પિટલ આપવામાં આવી છે. પરંતુ હોસ્પિટલના મેઈન ગેટ પર લગાવેલા બોર્ડ તરફ સ્ટાફ, ડોકટરો કે સફાઈ કામદારો કોઈનું ધ્યાન જતું નથી.



હોસ્પિટલના મેઈન ગેટનું અડધું બોર્ડ ઝાડની ડાળીઓથી ઢંકાઈ ગયું છે. બહારથી આવતા અજાણ્યા દર્દીઓને વાંચી શકાય તેમ નથી કે, સરકારી હોસ્પિટલ કયાં છે ? દર્દીઓ હોસ્પિટલના ગેટ પાસેથી પસાર થઈ જાય છે, પણ બોર્ડ દેખાતું ન હોવાથી તેમને હોસ્પિટલ શોધવામાં ભારે મુશ્કેલી પડે છે.

ઈમરજન્સી સમયે દર્દી માટે એક – એક મિનિટ કિંમતી હોય છે ત્યારે આવી નાની બેદરકારી મોટી તકલીફ ઊભી કરી શકે છે. હોસ્પિટલ તંત્ર અને નગરપાલિકાને વિનંતી છે કે, તાત્કાલિક મેઈન ગેટના બોર્ડ ઉપરથી ઝાડની ડાળીઓ કાપી બોર્ડ સ્પષ્ટ રીતે દેખાય તેવી વ્યવસ્થા કરવામાં આવે, જેથી બહારગામથી આવતા દર્દીઓને સરળતાથી હોસ્પિટલ મળી રહે.

---

### માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારની રજુઆત સફળ

## જશવંતગઢ–ટીંબા ગ્રામ પંચાયતની સરપંચ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત જાહેર

**અનુસૂચિત જાતિના નાગરિકોને સ્થાનિક સ્વરાજયમાં પ્રતિનિધિત્વની તક મળશે**

અમરેલી, તા. ૧૭

અમરેલી તાલુકાની ટીંબા – જશવંતગઢ જૂથ ગ્રામ પંચાયતની સરપંચપદની બેઠક અનુસૂચિત જાતિ (એસસી) માટે અનામત રાખવામાં આવી છે. જિલ્લા કલેકટર, દ્વારા જાહેર કરવામાં આવેલી સરપંચપદની બેઠકોની અનામત ફાળવણીના સત્તાવાર જાહેરનામામાં આ બેઠકનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ નિર્ણયને અનુસૂચિત જાતિના નાગરિકોના સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં રાજકીય પ્રતિનિધિત્વ અને બંધારણીય અધિકારોની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવતા માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારે આનંદ વ્યકત કર્યો છે.

અમરેલી જિલ્લાના જશવંતગઢ ગામ સહિતના વિસ્તારના અનુસૂચિત જાતિના નાગરિકોને સ્થાનિક સ્વરાજયની વ્યવસ્થામાં યોગ્ય પ્રતિનિધિત્વ મળે અને સરપંચપદની બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવામાં આવે તે માટે કાંતિલાલ પરમાર દ્વારા ગુજરાત રાજયના મુખ્યમંત્રી, ચૂંટણી પંચ તથા અમરેલી જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી.

આ રજૂઆતો અને સતત પ્રયત્નો બાદ જિલ્લા કલેકટર કચેરી દ્વારા જાહેર કરવામાં આવેલી અનામત બેઠકોની યાદીમાં ટીંબા – જશવંતગઢ જૂથ ગ્રામ પંચાયતની સરપંચપદની બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવામાં આવી છે.

કાંતિલાલ પરમારે જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય વંચિત વર્ગોને બંધારણીય જોગવાઈઓ મુજબ યોગ્ય રાજકીય પ્રતિનિધિત્વ મળવું અત્યંત જરૂરી છે. લોકશાહીની સાચી સફળતા ત્યારે જ શકય બને, જયારે સમાજના તમામ વર્ગોને સત્તા અને નિર્ણય પ્રક્રિયામાં સમાન ભાગીદારી મળે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ અનામત બેઠક માત્ર એક ચૂંટણી બેઠકની ફાળવણી નથી, પરંતુ સામાજિક ન્યાય, રાજકીય સશકિતકરણ અને બંધારણીય સમાનતાની દિશામાં મહત્વપૂર્ણ તક છે. અનુસૂચિત જાતિના નાગરિકોએ આ તકનો લોકશાહી અને બંધારણીય મૂલ્યો સાથે ઉપયોગ કરી પોતાના ગામના વિકાસમાં સકિય ભાગીદારી નોંધાવવી જોઈએ.

માનવ અધિકાર કાર્યકર્તાએ આ નિર્ણય બદલ રાજય સરકાર, ચૂંટણી પંચ અને જિલ્લા કલેકટર કચેરીનો આભાર વ્યકત કર્યો હતો.

---

### રાત્રિનાં ૮:૩૦ કલાકે વિદ્યાસભા ખાતે

## અમરેલીમાં આગામી રવિવારે મોટિવેશનલ સ્પીકર ડો. જ્ઞાનવત્સલ સ્વામીની સત્સંગ સભા

**સમગ્ર વિસ્તારની જનતાને લાભ લેવા અનુરોધ**

અમરેલી, તા. ૧૭

બી.એ.પી.એસ. સંસ્થાનાં પ્રખર વકતા સંત પૂ.ડો. જ્ઞાનવત્સલ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૬ને રવિવારનાં રોજ રાત્રે ૮:૩૦થી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી ખાતે ''પરિવાર: સંસ્કારથી વૈશ્વિકતા સુધી'' વિષય ઉપર વિશેષ પ્રેરણાદાયી સભાનું



આયોજન કરવામાં આવેલ છે. પૂ. જ્ઞાનવત્સલ સ્વામીએ છેલ્લા ત્રણ દાયકાથી ભારત સહિત અમેરીકા, યુકે, યુરોપ, કેનેડા, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલીયા જેવા ૪૦થી વધુ દેશોમાં ૧૫,૦૦૦થી વધુ જીવન ઘડતરના વિવિધ વિષયો ઉપર પ્રેરણાદાયી વકતવ્યો આપ્યા છે. તેઓની પ્રભાવક શૈલી અને જીવન ઘડતરના પાઠ ભણાવવા માટે વિશ્વનાં અનેક દેશોમાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

---

### રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે

## કોટડીપરા ખાતે ખેત તલાવડીનું લોકાર્પણ; સાત લાખ લીટર પાણીનો થશે સંગ્રહ

**યુરિયા અને ડી.એ.પી. જેવા રાસાયણિક ખાતરો વિના પણ સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી દ્વારા ભરપૂર ઉત્પાદન મેળવી શકાય છે**

અમરેલી, તા. ૧૭

ગુજરાત રાજયના માનનીય રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોટડીપરા ખાતે ખેડૂત મનુભાઈ નકુમના ખેતરમાં રાજય સરકારની સહાયથી તૈયાર કરવામાં આવેલી ખેત તલાવડીનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ખેત તલાવડીમાં પાણીના સંગ્રહની ક્ષમતા વધારવા માટે જિયોમેમ્બ્રેન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના પરિણામે અંદાજે સાત લાખ લીટર વરસાદી પાણીનો લાંબા સમય સુધી સંગ્રહ થઈ શકશે અને ખેડૂતોને સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે.



આ પ્રસંગે ઉપસ્થિત ગ્રામજનો અને ખેડૂતોને સંબોધતા રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જળ સંચય અને જળસંવર્ધનના આ પ્રયાસ બદલ ખેડૂત મનુભાઈ નકુમ અને તેમના પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત ૯૨ વર્ષીય વડીલનો વિશેષ ઉલ્લેખ કરતા રાજયપાલએ જણાવ્યું હતું કે, કોઈ પણ પ્રકારની દવાઓ વિના ૯૨ વર્ષની ઉંમરે પણ સંપૂર્ણ સ્વસ્થ અને નિરોગી જીવન

**અનુસંધાન પાના ૬ ઉપર**

---

### મહિનાઓથી ડેપો મેનેજમેન્ટની ફરિયાદ છતાં કોઈ તપાસ નહી

## બગસરા : સુરત અને અંબાજી રૂટની એસ.ટી. બસ 3 કલાક મોડી ઉપડતા મુસાફરોમાં રોષ

**ડેપો મેનેજરે દોષનો ટોપલો એટીઆઈ પર ઢોળી દીધો**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૭

બગસરા એસ.ટી. ડેપોની ઘોર બેદરકારી સામે આવી છે. બગસરાથી સવારે ઉપડતી સુરત અને અંબાજી બસ ત્રણ કલાક મોડી ઉપડતા મુસાફરોમાં ભારે આક્રોશ ફેલાયો છે. જો કે આ અંગે ડેપો મેનેજરે દોષનો ટોપલો એટીઆઈ પર ઢોળ્યો હતો. જો કે માત્ર બે દિવસમાં જ બગસરા ડેપોની ઘોર બેદરકારી સામે આવતા એસ.ટી. સંચાલન બાબતે મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે. બગસરાથી સવારે ૭ કલાકે ઉપડતી અંબાજી બસ ૧૦ કલાકે ઉપડી હતી તો સુરત બસ ૧૦:૧૫ કલાકે ઉપડી હતી. ત્રણ કલાક બસ મોડી ઉપડતા રીઝર્વેશન કરાવેલા મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. મુસાફરોએ વિવિધ બસ

**અનુસંધાન પાના ૬ ઉપર**

---

### ભચાદર ગામથી દેવકા જતાં માર્ગ ઉપર

## રાજુલામાં પિપાવાવ–સુરેન્દ્રનગર રેલ્વે લાઈનનું ફાટક શરૂ કરવા રજુઆત

**વ્યાજબી પ્રશ્નનો ઉકેલ ન આવે તો ચૂંટણી બહિષ્કારની ચીમકી**

રાજુલા, તા. ૧૭

રાજુલાનાં આંતરરાષ્ટ્રીય માનવ અધિક્ષક અને અપરાવ વિરોધ સંગઠન દ્વારા મુખ્યમંત્રી અને ડીઆરએમને પત્ર પાઠવેલછે.

પત્રમાં જણાવેલ છે કે, રાજુલા તાલુકાનાં ભચાદર ગામેથી દેવકા ગામે જવાનો ગાડ માર્ગનો કેડો આવેલછે. ત્યાથી સુરેન્દ્રનગર– પિપાવાવ રેલ્વે લાઈન પસાર થાય છે જે રેલ્વે લાઈનમાં ફાટક નં. ૧૨ આવેલછે. આ ૧૨–નંબરનું ફાટક રાત્રિનાં સમય દરમ્યાન બંધ કરી દેવામાં આવેછે.

જેથી આ ફાટક ઉપરથી પસાર થતા ખેડૂતોને તેમની જમીને જવા –આવવામાં ખુબજ તકલીફો પડે છે, ખરેખર તો આ ૧૨–નંબરનું ફાટક ચોવીસ કલાક ખુલ્લુ રાખવુ જોઈએ અને જયારે ટ્રેન આ ફાટક ઉપરથી પસાર થાય ત્યારે જ આ ફાટક બંધ કરવુ જોઈએ તેના બદલે રાત્રિનાં સમયે આ ફાટક બંધ કરી દેવામાં આવેછે.

ભચાદર ગામથી દેવકા ગામે જવાનાં ગાડા માર્ગ ઉપર ૩૦૦૦ વિઘા ઉપરાંતની જમીનો ભેરાઈ, ભચાદર તથા કડીયાળી ગામનાં ખેડૂતોની આવેલછે. અને આ ખેડૂતોને તેના ખેતીનાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

---


**અમરેલી એક્સપ્રેસ**
**સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ–મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી














*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)